સુવિચાર

જેમ પાણી વગર જીવન અધૂરું છે,
તેમ શ્રદ્ધા વગર પ્રગતિ અધુરિ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



પંજાબથી રાજકોટ આવતા ટ્રકમાંથી રૂ.૮૦ લાખનો દારૂ-બિયર ઝડપાયો P-4

Year-16, Issue-50 ■ DATE : 05-06-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બેંગલુરુમાં નાસભાગની કરૂણ ઘટના બાદ હાઈકોર્ટ આકરા પાણીએ





ભીડમાં નાસભાગ મચતાં ૧૧ લોકોના મોતઃ ૩૩ ઘાયલ

## બેંગલુરુમાં નાસભાગ, સીએમ-ડેપ્યુટી સીએમ વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, બેંગલુરુ**

પહેલીવાર IPL ચેમ્પિયન બનેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ની ઉજવણી બુધવારે એક મોટી દુર્ઘટનામાં ફેરવાઈ ગઈ. વિજેતા ખેલાડીઓના સ્વાગત માટે ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર એકઠી થયેલી ભીડમાં નાસભાગ મચતાં ૧૧ લોકોના મોત થયા. ૩૩ લોકો ઘાયલ થયા.

કર્ણાટક હાઈકોર્ટે પોતે આ મામલાની નોંધ લીધી છે. કોર્ટ બપોરે ૨.૩૦ વાગ્યે આ કેસની સુનાવણી કરશે. સામાજિક કાર્યકર્તા સ્નેહમયી કૃષ્ણાએ આ અંગે ક્યુબન પાર્ક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર અને ક્રિકેટ બોર્ડના અધિકારીઓ પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમણે IPCની કલમ ૧૦૬ હેઠળ કેસ નોંધવાની પણ માગ કરી છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પડી ગયેલો વ્યક્તિ ઊઠી ન શક્યો. ભીડને કારણે એમ્બ્યુલન્સ પણ મોડી પહોંચી. લોકો રસ્તા પર જ ઘાયલોને CPR આપતા રહ્યા. ABM મેડિકલ કોલેજના એક ડૉક્ટરે જણાવ્યું કે મૃતકોમાં મોટાભાગના યુવાનો છે. આમાં ૫ મહિલાઓ અને ૬ પુરુષો છે. બધાની ઉંમર ૧૩ થી ૩૩ વર્ષની વચ્ચે છે. માથા, કરોડરજ્જુ અને પેટમાં ગંભીર ઈજાઓ થવાને કારણે તેમનું મૃત્યુ થયું.

ઘટના બાદ સાંજે એક પત્રકાર પરિષદને સંબોધતા સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું, ''હું આ ઘટનાનો બચાવ નથી કરી રહ્યો, પરંતુ દેશમાં પહેલા પણ ઘણા મોટા અકસ્માતો થયા છે, જેમ કે કુંભ મેળામાં ૫૦-૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જોકે, આનો અર્થ એ નથી કે અમે જવાબદારી બચીએ.''

અહેવાલો અનુસાર, કર્ણાટક હાઈકોર્ટ ગુરુવારે (પાંચમી જૂન) આરસીબીની વિક્ટ્રી પરેડ દરમિયાન થયેલી નાસભાગ સંબંધિત કેસની સુનાવણી કરશે. આ મામલો કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ વી. કામેશ્વર રાવ અને ન્યાયાધીશ સીએમ જોશીની બેન્ચ સમક્ષ ઊઠાવવામાં આવ્યો છે.

કર્ણાટક સરકારે કોર્ટને આ ઘટના કેવી રીતે બની અને અત્યાર સુધી કયા પગલાં લેવામાં આવ્યા છે તે અંગે માહિતી આપવા સંમતિ આપી છે. આ મામલાની સુનાવણી બપોરે ૨:૩૦ વાગ્યે થશે. કર્ણાટક સરકાર આજે હાઈકોર્ટને નાસભાગમાં શું થયું અને તેણે શું કાર્યવાહી કરી તે અંગે જણાવે તેવી અપેક્ષા છે.

ઉલ્લેખનીય છે કે, આ ઘટનાને લઈને કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે માફી માગતા કહ્યું કે, 'આવું ન થવું જોઈતું હતું અને અમને આશા નહતી કે, આટલી મોટી ભીડ થશે. સ્ટેડિયમની ક્ષમતા ૩૫,૦૦૦ છે, પરંતુ ત્યાં ૩ લાખથી વધુ લોકો હતા... (સ્ટેડિયમના) દરવાજા તૂટી ગયા હતા... અમે આ ઘટના માટે માફી માંગીએ છીએ.'

# શેરબજારમાં તેજીઃ સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો ઉછાળો



**મુખ્ય સમાચાર, મુંબઈ**

શેરબજારમાં ફ્લેટ શરૂઆત બાદ બપોરના સેશનમાં તેજીનું જોર વધ્યું હતું. સેન્સેક્સ ૯૧૨.૮૮ પોઈન્ટ ઉછળી ૮૧૯૧૧.૧૩ના લેવલે પહોંચ્યો હતો. રોકાણકારોની મૂડીમાં પણ ૩.૬૧ લાખ કરોડની વૃદ્ધિ થઈ હતી. નિફ્ટી ૧૨.૨૨ વાગ્યે ૨૩૧.૪૫ પોઈન્ટ ઉછળી ૨૪૮૪૯.૨૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ ૭૫૮.૯૪ પોઈન્ટ ઉછાળે કારોબાર થઈ રહ્યો હતો.

આરબીઆઈની હાલ ચાલી રહેલી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરો ઘટવાની અપેક્ષા તેમજ વિદેશી રોકાણકારો દ્વારા ખરીદી વધતાં શેરબજારમાં તેજીના સંકેતનો મળ્યા છે. વધુમાં અમેરિકા અને યુરોપિયન સેન્ટ્રલ બેન્કો દ્વારા પણ વ્યાજના દરોમાં ઘટાડો થવાની સંભાવના વધી છે. જેનો શેરબજારની તેજીને ટેકો મળ્યો છે.

એકંદરે શેરબજારમાં આજે સેન્ટિમેન્ટ પોઝિટિવ રહ્યા હતાં. હેલ્થકેર, રિયાલ્ટી, પાવર, એનર્જી સેક્ટરના શેર્સમાં વોલ્યૂમ વધ્યા હતાં. જેના લીધે આ ઈન્ડેક્સમાં ૮૦થી ૧.૫૬ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. સ્મોલકેપ અને મીડકેપમાં પણ વોલ્યૂમ વધ્યા હતાં. આરબીઆઈ દ્વારા વ્યાજના દરોમાં ૦.૫૦ ટકાના ઘટાડાની જાહેરાત થવાની તીવ્ર શક્યતાઓ વચ્ચે રિયાલ્ટી શેર્સમાં આજે તેજી આવી હતી. જો આરબીઆઈ વ્યાજના દરો ઘટાડે તો હોમ-ઓટો સહિતની લોનના દરો ઘટશે, જેથી રિયાલ્ટી સેગમેન્ટમાં જોવા મળી રહેલી મંદી દૂર થવાની અપેક્ષા સેવાઈ રહી છે. આજે શોભા ૪.૮૭ ટકા, બ્રિગેડ ૪.૩૯ ટકા, પ્રેસ્ટિજ ૩.૬૦ ટકા, લોધા ૧.૫૮ ટકા ઉછળ્યો હતો. આ સાથે બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૧.૬૮ ટકા ઉછાળા સાથે કારોબાર થઈ રહ્યો હતો.

સમાચાર લખાયા ત્યાં સુધીમાં બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૩૯૮૨ શેર પૈકી ૨૪૪૩ સુધારા તરફી અને ૧૩૪૦ ઘટાડા તરફી ટ્રેડ થઈ રહ્યા હતાં. ૨૩૨ શેરમાં અપર સર્કિટ અને ૯૭ શેર ૫૨ વીક હાઈ થયા હતાં. જે માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ હોવાનો સંકેત આપે છે.

# ચોમાસુ જુલાઈમાં સંપૂર્ણ સક્રિય થશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતનાં કેરળથી મહારાષ્ટ્ર સુધીનાં ભાગોમાં નૈઋત્ય ચોમાસાનાં વહેલા આગમનથી સર્જાયેલી ખુશી દબાઈ ગઈ હોય તેમ કેટલાંક દિવસોથી સીસ્ટમ સ્થગીત છે તેવા સમયે યુરોપની હવામાન એજન્સીએ સિસ્ટમ જુલાઈ મહિના સુધી સક્રિય ન થાય તેવી સંભાવના છે.

યુરોપીયન સેન્ટર ફોર મીડીયમ ફોર્મ ફોરકાસ્ટ વેધરના રીપોર્ટમાં જણાવ્યુ છે કે, ભારતના બાકીનાં ભાગોમાં જુલાઈ પુર્વે ચોમાસું સક્રિય ન થાય તેવુ બની શકે છે. જોકે સૌથી વધુ વરસાદ ધરાવતા જુલાઈના પ્રથમ બે સપ્તાહમાં ચોમાસુ પૂર્ણ રીતે સક્રિય થઈ શકે છે.

બંગાળની ખાડીમાં તામીલનાડુ તથા આંધ્રપ્રદેશના દરીયાકાંઠે સરકયુલેશન સર્જાશે અને તેની સારી મદદ મળશે. ભારતમાં ચોમાસુ હાલ મુંબઈની નજીક સ્થગીત થયાની દશામાં હોવાનું ઉલ્લેખનીય છે.



ભારતીય હવામાન વિભાગે જોકે ચાલુ જુન મહિનામાં જ ચોમાસું ફરી સક્રિય થઈને આગળ વધવાની આગાહી કરી છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, વિદર્ભ તથા આંધ્રપ્રદેશનાં દરીયાકાંઠા તરફના વેસ્ટર્ન ડીર્સ્ટબન્સથી સાનુકુળ સ્થિતિ સર્જાશે કેરળ, કર્ણાટક, રાયલસીમા, તેલંગાણા, ઓડીશા, છત્તીસગઢ, વિદર્ભમાં વરસાદી વ્યાપ વધી શકશે.

જોકે ૧૬ થી ૨૩ જુનમાં દક્ષિણનાં ભાગોમાં ચોમાસું ફરી અટકી શકે છે. ગોવા, કોંકણ, ગુજરાત તથા પશ્ચિમ રાજસ્થાનમાં જુલાઈના પ્રથમ સપ્તાહમાં વરસાદનું જોર રહેવાની સંભાવના છે.

યુરોપીયન એજન્સીની આગાહી મુજબ ચોમાસું સક્રિય થતા જુલાઈ આવી જાય તો ખરીફ પાકની પેટર્નમાં બદલાવ થવાની ભીતી છે.

# બદરીનાથ, કેદારનાથ, આદિ કૈલાશ સહીતના પર્વતીય ભાગોમાં હિમવર્ષા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ચોમાસું આગળ વધતુ અટકી ગયુ છે અને થોડા દિવસો હજુ સ્થગીત જ રહે તેમ છ તેવા સમયે કાશ્મીર તથા ઉતરાખંડ જેવા ભાગોમાં હવામાન પલ્ટા સાથે ભારે વરસાદ તથા હિમવર્ષા થઈ હતી.

કાશ્મીરનાં ફુલગામમમાં વાદળ ફાટતા મુશળધાર વરસાદ થયો હતો અને પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. તેમાં તણાઈ જતા એક મહિલાનું મોત નીપજયુ હતું. આસપાસના ભાગોમાં પણ હળવા વરસાદથી ગરમીમાંથી રાહત મળી હતી.

બીજી તરફ ઉતરાખંડમાં પણ અનેક ભાગોમાં વરસાદ તથા હિમ-વર્ષાનો દોર જારી રહ્યો હતો. સતત બીજા દિવસે હેમકુંડ સાહીબ, બદરીનાથ, કેદારનાથ, આદિ કૈલાશ, પંચામુલી, હંસાલીંગ, રાજરંભા સહીતના પર્વતીય ભાગોમાં હિમવર્ષા થઈ હતી.

દહેરાદુન તથા આસપાસના ભાગોમાં વરસાદ થયો હતો. હવામાન પલટાને પગલે જુદા જુદા ભાગોમાં તાપમાન ૮ ડીગ્રી નીચે આવી ગયુ હતું.

# રેલવેમાં હવે તત્કાલ ટિકિટ મેળવવા IRCTC એકાઉન્ટને આધાર સાથે લિંક કરાવવું ફરજીયાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જો તમે ઓનલાઈન તત્કાલ ટિકિટ બુક કરાવો છો અને હજુ સુધી તમારા IRCTC એકાઉન્ટને આધાર સાથે લિંક નથી કરાવ્યું, તો જલદી કરો. રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે જે વપરાશકર્તાઓના એકાઉન્ટ આધાર સાથે વેરિફાઇડ નથી તેમના એકાઉન્ટ બંધ થઈ શકે છે. રેલવે રિપોર્ટ અનુસાર, દરરોજ લગભગ ૨.૨૫ લાખ મુસાફરો તત્કાલ ટિકિટ બુક કરાવે છે. ૨૪ મે અને ૨ જૂન વચ્ચેના ડેટા દર્શાવે છે કે બુકિંગ વિન્ડો ખુલતાની સાથે જ, પહેલી મિનિટમાં ખૂબ ઓછી ટિકિટ બુક થાય છે (ACમાં સરેરાશ ૫,૬૧૫), પરંતુ બીજી મિનિટમાં આ સંખ્યા અચાનક વધી જાય છે (૨૨,૮૨૭). આનું કારણ બોટ્સ અને નકલી એકાઉન્ટ્સ હોવાનું માનવામાં આવે છે.



આને રોકવા માટે, રેલવેએ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની મદદથી ૨.૪ કરોડથી વધુ નકલી ID બ્લોક કરી દીધા છે અને ૨૦ લાખ એકાઉન્ટ્સ હજુ પણ તપાસ હેઠળ છે. રેલવેએ સ્પષ્ટતા કરી છે કે જે એકાઉન્ટ્સમાં આધાર વેરિફિકેશન નથી તેમને ધીમે ધીમે નિષ્ક્રિય કરવામાં આવશે.

રેલવેનું કહેવું છે કે જે યુઝર્સના એકાઉન્ટ આધાર સાથે લિંક છે તેમને તત્કાલ ટિકિટ બુકિંગની પહેલી ૧૦ મિનિટમાં પ્રાથમિકતા આપવામાં આવશે. IRCTCના અધિકળત એજન્ટો પણ પહેલી ૧૦ મિનિટમાં ટિકિટ બુક કરી શકશે નહીં. રેલવેનું આગળનું પગલું એ છે કે ટૂંક સમયમાં આધાર આધારિત બ્બ્ભ વેરિફિકેશન પણ ફરજિયાત બનાવવામાં આવશે અને કાઉન્ટર પરથી ટિકિટ બુકિંગ માટે પણ આધાર જરૂરી બની શકે છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતીય રેલવે ટૂંક સમયમાં ઈ-આધાર સાથે તત્કાલ ટિકિટ બુકિંગ શરૂ કરશે જેથી જરૂરિયાતમંદ અને સાચા મુસાફરો ટિકિટ મેળવી શકે.

બારી ખુલતાની સાથે જ બધી ટિકિટ બુક થઈ ગઈ. IRCTCની તપાસમાં જાણવા મળ્યું છે કે છેલ્લા પાંચ મહિનામાં ૨.૫ કરોડ નકલી યુઝર આઈડી દ્વારા ટિકિટ બુક કરવામાં આવી રહી હતી, જેના કારણે સામાન્ય મુસાફરો ટિકિટ મેળવી શકયા ન હતા. ટિકિટ કાઉન્ટર ખુલતાની સાથે જ, પ્રથમ પાંચ મિનિટમાં ૨.૯ લાખ શંકાસ્પદ જનરેટ થયા, જેમાં જનરલ અને તત્કાલ ટિકિટ બંનેનો સમાવેશ થાય છે. એ ફરીથી ૨૦ લાખ વધુ યુઝર આઈડી ચકાસણી પ્રક્રિયા હેઠળ મૂકયા છે, જેથી ટિકિટના કાળાબજારને રોકી શકાય.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં કોરોનાના વધુ ૧૮ કેસ સામે આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર અને ભાવનગર જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસ આવવાનું ચાલુ રહ્યું છે. જામનગરમાં ફરી ગઈકાલે સાત નવા કેસ બહાર આવ્યા છે. તો રાજકોટ શહેરમાં પણ બુધવારે સાત નવા દર્દી નોંધાયાનું આજે જાહેર થયું છે. ભાવનગરમાં પણ ચાર દર્દી નોંધાયા છે.

રાજકોટમાં ૨૪ વર્ષના યુવાનથી માંડી ૮૩ વર્ષના વૃધ્ધને કોરોના નિદાન થયું છે. મારૂતિનગર, અંબિકા ટાઉનશીપ, ગણેશ પાર્ક, સંતોષીનગર, ભકિતધર સોસાયટી, રાજન સોસાયટી અને રેસકોર્સ રોડ પર નવા દર્દી નોંધાયા છે.

આ તમામ લોકોએ વેકસીનના બે થી ત્રણ ડોઝ લીધા છે. ત્રણ દર્દીની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી તો અન્ય ચાર ધરમપુર, નાથદ્વારા, અમદાવાદ અને રાજસ્થાનથી પરત ફર્યા હતા. તમામની તબિયત સ્વસ્થ છે અને ઘર હોમ આઈસોલેશનમાં સારવારમાં છે.

રાજકોટમાં તા. ૧૯-૫થી આજ સુધીમાં કુલ ૬૮ કોરોના કેસ નોંધાયા છે જેમાંથી ૨૫ સ્વસ્થ બની ગયા છે. તો ૪૩ લોકો ઘરે હોમ આઈસોલેશનમાં છે.

જામનગર શહેરમાં કોરોનાએ માથું ઉચકયું છે મંગળવારે છ કેસ પોઝીટીવ આવ્યા પછી બુધવારે જુદા જુદા વિસ્તારોમાથી વધુ સાત કેસ પોઝીટીવ સામે આવ્યા છે.જેમાં એક પુરુષ અને છ મહિલાઓ સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં કુલ ૩૯ કેસ નોંધાયા છે.જેમાંથી ૧૧ દર્દીઓને ડિસ ચાર્જ કરાયા છે.

શહેરમાં કોરોનાનું સક્રમણ વધી રહ્યું હોવાનું સામે આવ્યું છે. કારણ કે બુધવારે પણ શહેરમાં કોરોનાના વધુ સાત કેસ સામે આવ્યા છે.જેમાં કામદાર કોલોની વિસ્તારમાં ૫૭ વર્ષીય પ્રૌઢા, પવનચકકી જેલ રોડ વિસ્તારમાં ૨૨ વર્ષીય યુવતિ, દિગ્વિજય પ્લોટ-૩ વિસ્તારમાં ૩૭ વર્ષીય મહિલા, નિલકંઠ બેડી રીંગ રોડ વિસ્તારમાં ૬૫ વર્ષીય વૃદ્ધ. પીજી હોસ્ટેલમાં ૨૭ વર્ષીય યુવતિ, પટેલ કોલોની વિસ્તારમાં ૭૪ વર્ષીય વૃદ્ધા અને વૃંદાવન પાર્ક-૧ વિસ્તારમાં ૪૫ વર્ષીય મહિલા કોરોના પોઝીટીવ જાહેર થયા છે. જે તમામને હોમ આઈશોલેશનમાં રાખી ઘરે જ તબીબી સારવાર આપવામાં આવી રહી છે. બુધવારની સ્થિતિએ જામનગર શહેરમાં કુલ ૨૮ એકટિવ કેસ છે.અત્યાર સુધીમાં કુલ ૩૯ કેસ પૈકી ૧૧ દર્દીઓ ડીસ્ચાર્જ જાહેર થયા છે.

ભાવનગરમાં એક સાથે કોરોના ના નવા ચાર કેસ નોંધાયા છે. કોરોના એ માથું ઉચકતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના શહેરના વિજયનગરમાંથી ૨૦ વર્ષિય યુવક, ઘોઘા સર્કલ વિસ્તારમાંથી ૯ વર્ષીય બાળક, હાદાનગરમાંથી ૩૯ વર્ષીય પુરૂષ અને મફતનગર વિસ્તારમાંથી ૩૨ વર્ષીય પુરૂષ સહિત ચારનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતા તમામને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે.

# ચીને ક્રિપ્ટો કરન્સી પર પુરો પ્રતિબંધ લાદી દીધો

**મુખ્ય સમાચાર, બીજીંગ**

ચીને ક્રિપ્ટો કરન્સીએ પુરી રીતે પ્રતિબંધ લાદી દીધો છે. ચીનમાં હવે ક્રિપ્ટો કરન્સી રાખવી, ક્રિપ્ટોથી લેવડ-દેવડ કરવી ગેરકાનુની જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બધા ક્રિપ્ટો વોલેટ પણ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે.

આ રીતે માત્ર કેટલાંક દિવસ પહેલા સુધીમાં દુનિયાનાં સૌથી વાઈબ્રન્ટ ક્રિપ્ટો માર્કેટ અચાનક ખતમ થઈ ગયુ છે. અને ક્રિપ્ટો પર બાન માટે ક્રાઈમ કન્ટ્રોલ અને આર્થિક સ્થિરતાનું કારણ બતાવ્યુ છે. જયારે ચીન દુનિયામાં બિટ કોઈનનુ બીજુ સૌથી મોટુ હોલ્ડર છે.



ક્રિપ્ટો બજારનાં જાણકારોનું કહેવુ છે કે, ડ્રેગન કયારેય સીધી ચાલ નથી ચાલતો તેના દરેક પગલા પાછળ કોઈ મતલબ હોય છે. પીપલ્સ બેન્ક ઓફ ચાઈનાનાં હાલનાં આદેશ મુજબ ચીનમાં હવે કોઈપણ વ્યકિતએ ક્રિપ્ટો કરન્સી રાખવા દંડનીય અપરાધ છે.

ચીને ક્રિપ્ટો કરન્સીની માઈનીંગ પણ પણ બાન લગાવ્યો છે. ડ્રેગનની દલીલ છે કે ક્રિપ્ટો કરન્સીથી દેશની અર્થ વ્યવસ્થાને ખતરો થઈ શકે છે. આ ઉપરાંત તેનો અપરાધમાં ઉપયોગ થઈ રહ્યો છે.દેશના બધા લોકલ-ઈન્ટર નેશનલ ક્રિપ્ટો એકસચેંજ પર અગાઉથી જ બાન લાગેલો છે.

જાણકારોનું કહેવુ છે કે ચીને ક્રિપ્ટો કરન્સી પર બાન પોતાના સીબીડીસી એટલે કે ડિઝીટલ યુઆનને પ્રમોટ કરવાનાં ભાગરૂપે મુકયો છે.ચીન ઈરાન સહીત એ તમામ દેશો સાથે વ્યાપાર માટે ક્રિપ્ટોનો ઉપયોગ કરતુ હતું. જેમની સાથે ડોલરમાં લેવડ-દેવડ પ્રતિબંધીત છે. ચીન હવે ડીઝીટલ યુઆનને પ્રમોટ કરવા માંગે છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જાહેર આરોગ્ય અંગેની મહત્વપૂર્ણ સમિતિઓની સંયુક્ત બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને જાહેર આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ સમિતિઓની સંયુક્ત બેઠક યોજાઈ હતી.જેમાં સંચારી રોગ અટકાયત સમિતિ, જિલ્લા આરોગ્ય સોસાયટીની ગવર્નીંગ બોડી સમિતિ, તમાકુ નિયંત્રણ સમિતિ, ડિસ્ટ્રિક્ટ ટાસ્ક ફોર્સ ફોર ઇમ્યુનાઇઝેશન (રસીકરણ), ક્વોલીટી એસ્યોરન્સ સમિતિ, ન્યુટ્રીશન ટાસ્ક ફોર્સ, ફાયર સેફટી સમિતિ, જન્મ-મરણ નોંધણીની સમીક્ષા કમિટી તેમજ ટીબી ફોરમના સભ્યો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં કલેક્ટર ઠક્કરે જિલ્લામાં જાહેર આરોગ્યની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી અને તેના સુધાર માટે સામૂહિક પ્રયાસો પર ભાર મૂક્યો હતો.સંચારી રોગ અટકાયત સમિતિની બેઠકમાં જિલ્લામાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગો તેમજ પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે લેવાયેલા પગલાંની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ આરોગ્ય વિભાગને રોગચાળા અટકાવવા માટે સક્રિય દેખરેખ રાખવા, ફોગિંગ અને દવા છંટકાવની કામગીરી નિયમિતપણે કરવા તથા સ્વચ્છતા જાળવવા માટે જનજાગૃતિ અભિયાન ચલાવવા સૂચનો કર્યા હતા. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પાણીના સ્ત્રોતોની સ્વચ્છતા અને શુદ્ધતા જાળવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.જિલ્લા આરોગ્ય સોસાયટીની ગવર્નીંગ બોડી સમિતિની બેઠકમાં માતા અને બાળ આરોગ્યની સેવાઓ, શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળકોની તબીબી તપાસ, મમતા દિવસે માતા અને બાળકોના રસીકરણની કામગીરી, માતા અને બાળ આરોગ્યની વિવિધ યોજનાઓ અંગે સમીક્ષા કરવામાં આવેલ.જેમાં લાભાર્થીઓને આરોગ્યની સેવાઓ અને યોજનાના લાભો મળી રહે તે માટે જરૂરી સુચના આપવામાં આવેલ.તમાકુ નિયંત્રણ સમિતિની બેઠકમાં તમાકુના સેવનથી થતા ગંભીર સ્વાસ્થ્ય જોખમો અંગે ચર્ચા કરવામાં આવી હતી.કલેક્ટરએ જાહેર સ્થળોએ તમાકુના સેવન પર પ્રતિબંધના કડક અમલ, શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ તમાકુ ઉત્પાદનોના વેચાણ પર નિયંત્રણ અને યુવાનોમાં તમાકુના વ્યસન સામે જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો ઘડવા નિર્દેશ આપ્યા હતા.ફૂડ એન્ડ ડ્રગ વિભાગને આ નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવા પણ જણાવાયું હતું.ડિસ્ટ્રિક્ટ ટાસ્ક ફોર્સ ફોર ઇમ્યુનાઇઝેશન (રસીકરણ) અંગેની ટાસ્ક ફોર્સની બેઠકમાં જિલ્લામાં બાળકો અને સગર્ભા માતાઓના રસીકરણની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમને વધુ સુદ્રઢ બનાવવા, રસીકરણથી વંચિત રહેલા બાળકો અને માતાઓને શોધી કાઢી તેમને રસીકરણ હેઠળ આવરી લેવા, અને રસીકરણ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરવા માટે આરોગ્ય કાર્યકરોને સક્રિય થવા જણાવ્યું હતું. દુર્ગમ વિસ્તારોમાં રસીકરણની સુવિધા સુનિશ્ચિત કરવા પર પણ તેમણે ભાર મૂક્યો હતો.આ ઉપરાંત ન્યુટ્રીશન કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો લાભ જિલ્લાના તમામ લક્ષિત લાભાર્થીઓને મળી રહે તે માટે જરૂરી સુચના આપવામાં આવી હતી.પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના () અંતર્ગત વર્ષ દરમ્યાન કેટલા લોકોના કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા, કેટલા કલેઈમ રજુ થયા અને તે પૈકી કેટલા કલેઈમ રીજેકટ થયા તે અંગે પણ ચર્ચા કરવામાં આવી. જેમાં કલેઈમ રીજેકશન રેશીઓ ઘટાડવા જરૂરી સૂચનો કરવામાં આવેલ.કલેક્ટર કેતન ઠક્કરે તમામ સંબંધિત વિભાગોને સંકલન સાધીને કાર્ય કરવા અને જિલ્લાના નાગરિકોના સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સંબંધીતોને ભારપૂર્વક જણાવ્યુ હતું. તેમણે જણાવ્યું કે, સ્વસ્થ સમાજ જ રાષ્ટ્રની પ્રગતિનો પાયો છે અને આ દિશામાં સૌએ સહિયારા પ્રયાસો કરવા અનિવાર્ય છે.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુરકુમારી પ્રસાદ, ક્વોલીટી એસ્યોરન્સ મેડીકલ ઓફિસર ડો.રાજેશ ગુપ્તા, એપેડેમીક મેડીકલ ઓફિસર તથા જિલ્લા મેલેરિયા અધિકારી ડો.જે.આર.પટેલ, જિલા ટીબી અધિકારી ડો.ધીરેન પીઠડીયા, જિ.જિ.હોસ્પીટલના વિવિધ વિભાગના વડાઓ, આરોગ્યના તમામ પ્રોગ્રામ ઓફિસરઓ તથા તમામ તાલુકા હેલ્થ ઓફીસરઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરની ગુરુ ગોવિંદસિંગ હોસ્પિટલ દ્વારા 'મેદસ્વિતા મુક્ત અભિયાન' હેઠળ દર્દીઓનું સ્ક્રીનિંગ કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'ઓબેસિટી મુક્તિ' અભિયાન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના 'સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત' ઝુંબેશના ભાગરૂપે, જામનગરની ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ પણ આ પહેલમાં સક્રિય રીતે જોડાઈ છે. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલની સૂચના અને તબીબી અધિક્ષક ડો.તિવ-ારીના માર્ગદર્શન હેઠળ, હોસ્પિટલના એન.સી.ડી. ક્લિનિક ખાતે દર્દીઓના વજન, ઊંચાઈ અને બોડી માસ ઇન્ડેક્સ ()ની તપાસ કરીને તેમને મેદસ્વિતા સંબંધિત જોખમો વિશે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.અત્યાર સુધીમાં કુલ ૧૬૮ દર્દીઓના વજન, ઊંચાઈ અને ની તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં કુલ દર્દીઓ પૈકી ૭૬ દર્દીઓનો અંક ૨૫ થી વધારે આવેલ છે, જે તેમને ઓવરવેઇટની શ્રેણીમાં મૂકે છે. આવા દર્દીઓને પૌષ્ટિક આહાર અને નિયમિત વ્યાયામ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી છે.જ્યારે ૨૯ દર્દીઓનો અંક ૩૦ થી પણ વધારે આવેલ છે, જેમાં તેમને મેદસ્વી ગણાવી શકાય. આ તમામ દર્દીઓને વજન નિયંત્રણ માટેની વિશેષ સલાહ આપવામાં આવેલ છે.

હોસ્પિટલ દ્વારા મેદસ્વીતા સાથે સંકળાયેલા બિન-ચેપી રોગો જેવા કે હાઈપરટેન્શન, ડાયાબિટીસ, હૃદયરોગ અને સ્ટ્રોક જેવા ગંભીર રોગોને અટકાવી શકાય તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને મેદસ્વીતાના કારણે થતા રોગોથી બચાવવાનો છે.આરોગ્ય વિભાગ દ્વારા જામનગરના નાગરિકોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અને નિયમિતપણે આરોગ્ય તપાસ કરાવવા અપીલ કરવામાં આવી છે, જેથી તંદુરસ્ત અને મેદસ્વિતા મુક્ત ગુજરાતના નિર્માણમાં સૌ સહભાગી બની શકે.

# રાજકોટમાં સંસ્કૃતિ આર્યમ ગુરુકુલમ અને સક્ષમ સંસ્થા ના ઉપક્રમે રવિવારે બાલ સ્વાસ્થ્ય સેમિનાર

## સેવાભારતી કાર્યાલય, અમૂલ સર્કલ ખાતે સાંજે ૫ થી ૮ યોજાશેઃ વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંસ્કૃતિ આર્યમ ગુરુકુલમ ના પૂજ્ય વિશ્વનાથ ગુરુજીના શિષ્ય તેમજ વિદ્વાન વૈદ્ય આચાર્ય મેહુલભાઈ એ જણાવે છે કે વૈદિક પેરેંટિગ આજે બાળકોની સમસ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. ત્યારે બાળકો તરફ ધ્યાન આપવાની ખાસ જરૂર છે. પરંતુ ધ્યાન આપવા માટે જ્ઞાનની જરૂર છે. અને આજે સાચું જ્ઞાન મેળવવું અતિશય કઠિન બનતું જાય છે ત્યારે સંસ્કૃતિ આર્યમ ગુરુકુલ ના સક્ષમ સંસ્થા ઉપક્રમે તા. ૮ ને રવિવાર; સમય સાંજે ૫ થી ૮; સ્થળ સેવાભારતી કાર્યાલય, અમૂલ સર્કલ, આજીડેમ રોડ, રાજકોટ ખાતે સેમિનારો રાખવામાં આવેલ છે.

આચાર્ય મેહુલભાઈ વધુમાં જણાવે છે કે વારાણસીના સુપ્રસિદ્ધ વેદ તથા આયુર્વેદના વિદ્વાન પરમ પૂજ્ય વિશ્વનાથ ગુરુજી દ્વારા વર્ષોના અધ્યયન તેમજ રિચર્સ બાદ ૫૦ વર્ષ પહેલાં સંસ્કૃત ભાષામાં લખાયેલા વૈદિક પેરેંટિંગ અને બાલ સ્વાસ્થ્યના સૂત્રો માર્ગ ચિંધતી મશાલ છે. આજે બાળકોના સ્વાસ્થ્ય, ખાન-પાન તેમજ સંસ્કારો આપવાની વ્યવસ્થાને યુવાપેઢી ભૂલતી જાય છે. ત્યારે ભારતના આયુર્વેદમાં, ઉપનિષદોમાં, વેદોમાં તથા ગ્રંથોમાં સચવાયેલા સૂત્રો જ આપણું રક્ષાકવચ બની શકે છે.

આવા નાના સૂત્રો દ્વારા અપાતું જ્ઞાન સરળ-સહજ છે, તેમજ બાલસ્વાસ્થ્ય અને પેરેંટિંગ માટે ખૂબ જ ઉપયોગી છે.

આવા સૂત્રો પર પૂજ્ય વિશ્વનાથ ગુરુજીના શિષ્ય તેમજ વિદ્વાન વૈદ્ય આચાર્ય મેહુલભાઈ પોતાની ૨૦ વર્ષના આયુર્વેદ અને ગર્ભવિજ્ઞાનના અનુભવને આધારે નિસ્વાર્થ ભાવે આ સૂત્રો તેમજ સ્વાસ્થ્યનું જ્ઞાન સમાજ સુધી પહોંચાડવા કટીબધ્ધ છે.

વૈદ્ય મેહુલભાઈ આચાર્યએ પૂજ્ય ગુરુજીના સાન્નિધ્યમાં રહી દશ વર્ષ સુધી ગર્ભસંસ્કાર તેમજ બાળકોની આયુર્વેદ ચિકિત્સાનો અનુભવ પ્રાપ્ત કરેલ છે, તેમજ ગુરુજીના સૂત્રો પર વ્યાખ્યા કરી ભારતનો સૌપ્રથમ ગર્ભવિજ્ઞાન તેમજ પેરેંટિંગનો ડિજિટલ કોર્સ તૈયાર કરેલ છે, તેમજ મંત્રૌષધિ સુવર્ણપ્રાશન પાંચ લાખ બાળકો સુધી પહોંચાડ્યું છે.

આ કાર્યક્રમમાં બાળકોને રોગોથી બચાવવા માટેના ઉપાયો, પેરેન્ટ્સ તરીકે બાળકોનું ઘડતર કરવાના તથા ધ્યાન રાખવા માટેના ઉપાયો, બાળકો - યુવાપેઢી સાથે આદર્શ વર્તનનું મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનના સિદ્ધાંતો, બાળકોના માનસને સાત્ત્વિક બનાવવાના ઉપાયો વગેરે વિષયોની આ સેમિનારમાં ચર્ચા કરવામાં આવશે. આ સેમિનાર મુંબઈ, પૂના, અમદાવાદ, બેંગલોર જેવા શહેરોમાં પણ આયોજિત થાય છે.

ઉપરાંત આયુર્વેદ અને પંચકોશ વિકાસ; આયુર્વેદના બાલ મનોવિજ્ઞાનનું મહત્ત્વ; આયુર્વેદમાં બાળકોનાં સ્વાસ્થ્ય માટેના નિયમો; આયુર્વેદની દ્રષ્ટિથી બાળકો માટેના ઔષધો; આયુર્વેદમાં બાળકોની દિનચર્યા (Ideal Daily Routine); બાળકોની યાદશક્તિ વધારવા, કુટેવોથી બચાવવાના ઉપાયો જેવા અનેક વિષયો ઉપર ચર્ચાઓ કરવામાં આવશે. રાજકોટમાં આ પ્રકારના કાર્યક્રમો ખૂબ ઓછા થતાં હોવાથી પોતાના બાળકોનો વિકાસ તેમજ સંસ્કાર માટે ચિંતિત સર્વે માતા-પિતાઓને આ કાર્યક્રમમાં આવવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

લિમિટેડ સંખ્યા હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન આપેલા QR કોડ સ્કેન કરી ૫૦ રૂ. ભરી રજીસ્ટ્રેશન કરાવી શકો છો, કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સેમિનારમાં ભાગ લેનાર માટે ભોજન પ્રસાદ રાખવામાં આવેલ છે. સેમિનાર માટેની વધારે માહિતી માટે ૯૬૬૪૯ ૧૧૧૮૨ ઉપર સંપર્ક કરવા આચાર્ય મેહુલભાઈ એ અનુરોધ કરેલ છે.

# ઉનામાં ગીરગઢડા રોડ પર આવેલ રવિકાંત કોમ્પ્લેક્સના બંધ ગોડાઉનમાં શોર્ટ સર્કિટથી આગ, ફાયર બ્રિગેડે કાબૂમાં લીધી






**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના-ગીરગઢડા રોડ પર આવેલા રવિકાંત કોમ્પ્લેક્સમાં આજે અચાનક આગ લાગવાની ઘટના બની. એસબીઆઈ લાઇફ ઈન્સ્યુરન્સની ઓફિસની બાજુમાં આવેલા એક બંધ ગોડાઉનમાં આગ લાગી હતી. આગ લાગતાં જ કોમ્પ્લેક્સમાં અફરાતફરી મચી ગઈ હતી. ગોડાઉનમાં રહેલા બેનરો અને કાગળો આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. એસબીઆઈ લાઇફ ઇન્સ્યોરન્સ ઓફિસના કર્મચારીઓ પણ મૂંઝવણમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતાં જ ઉના નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલાં ફાયર ફાઈટર્સે આગ પર કાબૂ મેળવી લીધો હતો.

પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું જાણવા મળ્યું છે. ગોડાઉનમાં પડેલો ભંગાર માલસામાન આગમાં બળીને નષ્ટ થઈ ગયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે થઈ નથી.

# પોલીસની ફરજમાં રૂકાવટ કરતાં નોંધાયેલ ગુનામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર ના ગાંધીગ્રામ વિસ્તારમાં આરોપીઓ દ્વારા પોતાના કબ્જા માં રહેલ મોટર સાયકલ દ્વારા બેદરકારીપૂર્વક ટ્રાફિક સિગ્નલ નો ભંગ કરી ભાગવા જતા મોટર સાયકલ સ્લીપ થયેલ હોય અને ફરિયાદીએ તેમની પાસે લાઈસન્સ તથા વાહન ના કાગળો માંગી સિગ્નલ ભંગ બાબતે પૂછતાં આરોપી દ્વારા ફરિયાદી તથા સાહેદો ને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ હતા અને આરોપીઓ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી, ફરિયાદી ની ફરજમાં રુકાવટ કરી, ફરિયાદી તથા સાહેદ ઉપર હુમલો મારી નાખવાની ધમકી અંગે ની ફરિયાદીએ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવેલ જે ફરિયાદ માં પૂરતા પુરાવા ના અભાવે આરોપીઓ ૧. ભાવેશ કીહલા ૨. ગોપાલ કીહલા ૩. જીવણ સભાડ ૪. હિતેશ સભાડ ૫. રાહુલ કીહલા ૬. કરેલ તેમજ જાનથી ખંડમોલેટ મીલોગ રાહુલ જોગરાણાને નિર્દોષ છોડી મુકવા કોર્ટે હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ વિવેક એલ. ધનેશા તથા ગૌરાંગ આર. રાઠોડ, શૈલેષ આર.વકાતર, કરશન એન. ભરવાડ રોકાયેલ હતાં.

# દુનિયાના સૌથી ઉંચા રેલ્વે બ્રિજનું કાલે ઉદઘાટન



વિશ્વના સૌથી ઉંચા રેલ્વે બ્રિજ આર્ચ બ્રિજ ચિનાબ રેલપુલનું આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ ચિનાબ બ્રિજ નદીથી ૪૫૯ મીટરની ઉંચાઈ પર છે. જે ૧૩૧૫ મીટર લાંબો સ્ટીલ આર્ચ બ્રિજ છે. ભૂકંપ કે તોફાની પવનની પણ તેને કોઈ અસર નહીં થાય. વડાપ્રધાન કટરાથી શ્રીનગર વચ્ચે વંદેભારત ટ્રેનમાં લીલીઝંડી પણ આપશે ટ્રેનથી આ અંતર માત્ર ત્રણ કલાકમાં કપાશે.

# એફઆરસી ચેરમેનની તાત્કાલીક નિમણુંક કરો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખાનગી શાળાઓ દ્વારા ખુલ્લે આમ ફિ વધારો વાલીઓના માથે નાખી દેતા વિદ્યાર્થી સંગઠન દ્વારા તેનો વિરોધ કરાયો હતો. આજે સંગઠનના હોદ્દેદારો દ્વારા પ્લેકાર્ડ ફરકાવી જણાવાયું હતું કે, વાલીઓને હવે લુંટવાનું બંધ કરી એફઆરસી ચેરમેનની તાત્કાલીક નિમણુંક કરો જેથી તેનું બાંધણું નક્કી કરી શકાય.

# વિરડા વાજડી ગામે ગૃહકંકાસથી કંટાળી પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

## સાસુ-સસરાના ત્રાસથી પગલુ ભર્યાનો પરિવારનો આરોપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ વિરડા વાજડી ગામે ઘરકંકાસથી કંટાળી દક્ષાબેન સોમૈયા(ઉં. વ. ૩૦)એ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ, રાજકોટ નજીક આવેલ વિરડા વાજડી ગામે બસ સ્ટેન્ડથી નજીક ઓરડીમાં રહેતા દક્ષાબેન સુરેશભાઈ સોમૈયા (ઉ.વ.૩૦)એ ગઈકાલે સાંજે ૭૪૫ વાગ્યા આસપાસ પોતાના ઘરે ગળાફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. તેમના પતિને જાણ થતા તુરંત ૧૦૮ માં ફોન કર્યો હતો. ૧૦૮ના દક્ષાબેનને મૃત જાહેર કર્યા હતા અને યુનિવર્સિટી પોલીસને જાણ કરતા પોલીસએ સ્થળ પર પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ કે, દક્ષાબેનને સંતાન નથી તેમના પતિ સાથે ઝઘડો થતાં આ પગલું ભરી લીધું હતું. તેમજ મૃતકના માવતરે આક્ષેપ કર્યો છે કે દક્ષાબેનને તેમના સાસુ અને સસરા તેઓને માનસિક ત્રાસ આપતા હતા માટે તેમણે પગલું ભરી લીધું હતું. જોકે પોલીસે આ બનાવમાં તપાસ યથાવત રાખી છે.

# મુખ્યમંત્રી કાલે રાજકોટમાં: ૫૫૭ કરોડથી વધુના લોકાર્પણ ખાતમુહૂર્તો કરશે

## કલેકટર દ્વારા હિરાસર એરપોર્ટ સહિત તમામ સ્થળે ૭૦૦ થી વધુના સ્ટાફના આદેશોઃ એસટીની ૧૪ બસો મંગાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શુક્રવારે રાજકોટ આવી રહેલા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું એક કલાકના રોકાણ દરમિયાન રાજકોટ શહેર અને જિલ્લાના ૫૫૭ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાપર્ણ થશે તેવું કલેકટર કચેરીના અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું જેમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન રૂડા કચેરી જેટકો પાણી પુરવઠા આરોગ્ય જસદણ તાલુકા કચેરી સ્પોર્ટ સંકુલના કામો સહિતના વિકાસ કામો અને ખાતમુહૂર્તોનો સમાવેશ થાય છે. આ લોકાપર્ણના કામોનું પણ લીસ્ટ એડ થઈ રહયાનું સાધનો ઉમેરી રહયા છે.

દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ કોર્પોરેટરોને મળનાર હોવાનું અને તેમની સાથે અગત્યની મીટીંગ પણ યોજી હોવાનું બહાર આવ્યું છે તેઓ મીટીંગ કોર્પોરેશન ખાતે અથવા તો સર્કિટ હાઉસ ખાતે કરે તેવી શકયતા હાલના વર્તુળો જણાવી રહ્યા છે.

દરમિયાન મળતી વિગતો મુજબ રાજકોટ કલેકટરે કોર્પોરેશન અને મુખ્યમંત્રીના કાર્યક્રમ સંદર્ભે રાજકોટ હિરાસર એરપોર્ટ રાજકોટનું જૂનું એરપોર્ટ રૈયા રોડ ઉપર આવેલ પ્રમુખસ્વામી ઓડિટોરિયમ તથા અન્ય કોઈ પણ જગ્યાએ મુખ્યમંત્રી જાય ત્યાં ના કાર્યક્રમ સંદર્ભે લગભગ ૧૦૦ થી વધુ સ્ટાફોના ઓર્ડરો કર્યા નું બહાર આવ્યું છે જેમાં તમામ મામલતદારો ત્રણથી ચાર જેટલા પ્રાંત અધિકારીઓને પણ આવરી લેવાયા છે આ બાબતે આવતીકાલે કલેકટર મહત્વની મીટીંગ પોતાના અધિકારીઓ સાથે કરે તેવી શકયતા છે. દરમિયાન કલેકટર તંત્રે એસટી પાસે શુક્રવાર માટે ૧૪ બસો માંગી છે, જે જુદા જુદા તાલુકામાં મોકલાશે.

# ગૌતમનગરમાં આઈપીએલની ફાઈનલ મેચ પર સટ્ટો રમતો વેપારી ઝડપાયો

## ૮૦ હજારનો મોબાઈલ જપ્ત; આઈડી આપનારની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આઈપીએલ ટી-૨૦ સીઝનની મેંગળવારે ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આ મેચ ઉપર શહેરના ગૌતમનગર વિસ્તારમાંથી ઓનલાઈન આઈ.ડી.નો સટ્ટો રમતાં કીચન વેરના વેપારીને કાઈમ બ્રાંચે ઝડપી લઈ આઈ.ડી.આપનાર શખ્સની શોધખોળ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એસ.વી.ચુડાસમા, એએસઆઈ વિજય સોઢા, કોન્સ્ટેબલ સંજય અલગોતર, કરણ કોઠીવાળ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન ગૌતમનગર મેઈન રોડ પર એક શખ્સ પોતાના મોબાઈલમાં આઈ.ડી.નો ક્રિકેટ સટ્ટો રમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કોઠારીયા રોડ પર અયોધ્યા સોસાયટીમાં રહેતાં કીચનવેરના વેપારી જય વલ્લભભાઈ હરસોંડાને ઝડપી લઈ તેની પાસે રહેલા મોબાઈલની તલાસી લેતાં તેમાં ક્રીક બેટ ૯૯ નામની ખુલી હોય જેમાં આઈપીએલની રોયલ ચેલેન્જર્સે બેંગ્લોર અને પંજાબ કિંગ્સ ઈલેવન વચ્ચે રમાઈ રહેલી ફાઈનલ મેચ ઉપર ઓનલાઈન સટ્ટો રમતો હોવાનું ખુલવા પામતાં પોલીસે તેની ધરપકડ કરી રૂ.૮૦ હજારનો મોબાઈલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીની પુછપરછમાં આઈ.ડી.તેને ઉત્તમ વિરળીયા નામના શખ્સે આપી હોવાની કબુલતા આપતાં પોલીસે બન્ને વિરૂધ્ધ ગુનો નોંધી આઈ.ડી.આપનાર ઉત્તમ વિરડીયાની શોધખોળ હાથ ધરી છે

# જન્માષ્ટમી લોકમેળો રેસકોર્ષમાં જ યોજાશેઃ આગામી તા.૯થી સ્ટોલ માટે ફોર્મ વિતરણ શરૂ થશે



## તા. ૦૯ થી ૧૩ જૂન દરમિયાન અરજી કરી શકાશે તા. ૨૩ થી ૨૬ જૂન દરમિયાન યોજાશે ડ્રો અને હરરાજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકમેળા સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્સ મેદાન ખાતે તા. ૧૪/૦૮/૨૦૨૫ થી ૧૮/૦૮/૨૦૨૫ સુધી પાંચ દિવસ દરમિયાન લોકમેળાનુ આયોજન કરવામાં આવ્યું છે.

મેળા અન્વયે રમકડા-ખાણીપીણી વગેરેના સ્ટોલ/પ્લોટ માટે ફોર્મ ભરવા ઈચ્છુક અરજદારો તા.૦૯/૦૬/૨૦૨૫ થી તા. ૧૩/૦૬/૨૦૨૫ સુધીમાં ઈન્ડિયન બેંક, તોરલ બિલ્ડીંગ, શાસ્ત્રી મેદાન સામે અને નાયબ કલેકટર કચેરી, પ્રાંત (શહેર-૧) જૂની કલેકટર કચેરી, રાજકોટ ખાતેથી સવારના ૧૧૦૦ થી બપોરના ૧૬૦૦ કલાક દરમિયાનમાં રૂ. ૨૦૦ ચૂકવી અરજીપત્રક મેળવી ઈન્ડિયન બેંક, તોરલ બિલ્ડીંગ, શાસ્ત્રી મેદાન, રાજકોટ ખાતે અરજી ફોર્મ ભરી તેમાં દર્શાવેલ રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ભરેલ અરજી પત્રક રજૂ કરી શકશે. અરજી નિયત ફોર્મમાં જ આપવાની રહેશે તેમજ જુદી જુદી કેટેગરીની કિંમતની પૂરેપૂરી રકમ, ટેક્સની સૂચિત રકમ તથા ડીપોઝિટની પૂરેપૂરી રકમ મળીને ''અધ્યક્ષશ્રી, લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટ''ના નામનો કુલ રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે રાખીને ભરેલ ફોર્મ આપવાનું રહેશે.

સમિતિ દ્વારા સ્ટોલ પ્લોટની હરરાજી અને ડ્રો માટે તારીખો જાહેર કરવામાં આવી છે. જે અનુસાર કેટેગરી-બી રમકડાના ૧૨૦ સ્ટોલ, કેટેગરી-સી ખાણીપીણીના ૦૬ સ્ટોલ તા. ૨૩/૬/૨૦૨૫ સોમવારના ૧૧૦૦ કલાકે, કેટેગરી-જે મધ્યમ ચકરડીના ૩ પ્લોટ, કેટેગરી કેની નાની ચકરડીના ૧૨ પ્લોટનો તા. ૨૩/૬/૨૦૨૫ સોમવાર સવારે ૧૧૩૦ કલાકે હરરાજી રાખવામાં આવી છે.

આ ઉપરાંત તા.૨૪/૬/૨૦૨૫ મંગળવારના રોજ કેટેગરી-એ ખાણીપીણી મોટીના ૨ પ્લોટ અને બી૧/કોર્નર ખાણીપીણીના ૪૪ પ્લોટ માટે સવારે ૧૧૩૦ કલાકે તથા યાંત્રિક કેટેગરી-ઈના ૫, એફના ૩, જીના ૨૦ અને એચના ૬ પ્લોટની હરરાજી તા.૨૫/૦૬/૨૦૨૫ બુધવારના સવારે ૧૧૩૦ કલાકે અને તા.૨૬/૦૬/૨૦૨૫ ગુરૂવારે કેટેગરી- એકસ આઈસ્ક્રીમના ૧૬ પ્લોટ તથા કેટેગરી ઝેડ- ટી કોર્નરના ૧ પ્લોટ માટે સવારે ૧૧૩૦ કલાકે હરરાજી કરવામાં આવશે. તમામ સ્ટોલ- પ્લોટના ડ્રો અને હરરાજી નાયબ કલેકટર કચેરી, પ્રાંત રાજકોટ (શહેર-૧)જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, મીટીંગ રૂમ રાજકોટ ખાતે યોજાશે.

યાંત્રિક કેટેગરીમાં ફોર્મ ભરેલ અરજદાર ઈ,એફ,જી,એચ તમામ કેટેગરીની હરરાજીમાં ભાગ લઈ શકશે. કેટેગરી જે અને કે નું ફોર્મ ભરનાર અરજદારએ રાજકોટ મહાનગરપાલિકાનો રેસકોર્સ મેદાન ખાતેનો એલોટમેન્ટ લેટર રજુ કરવાનો રહેશે ત્યાર બાદ જ ફોર્મ સ્વીકારવામાં આવશે. જે અને કે કેટેગરીમાંથી કોઈ પણ એક જ કેટેગરીમાં ફોર્મ રજૂ કરી શકાશે. જેમાં કેટેગરી જે તથા કે માટેના પ્રવેશદર મહત્તમ રૂ. ૩૫, ઈ,એફ,જી,એચ યાંત્રિક કેટેગરીની આઈટમોના પ્રવેશ દર મહત્તમ રૂ.૪૫ લેવાના રહેશે.

લોકમેળાનો નકશો નાયબ કલેક્ટર કચેરી, રાજકોટ (શહેર-૧)પ્રાંત, જૂની કલેક્ટર કચેરી ખાતે નોટિસ બોર્ડ પર કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. કેટેગરી-એકસની હરરાજીમાં કોઈ પણ વ્યક્તિ કે કંપની ભાગ લઈ શકશે તેમજ પોતાની આઈસ્ક્રીમ કંપનીની જાહેરાત સ્ટોલમાં કરી શકશે તેમ અધ્યક્ષ, લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટ (શહેર-૧)ની યાદીમા જણાવાયું છે.

# રાજકોટના દિવ્યાંગ ખેલાડી સોનલ વસોયા થાઈલેન્ડ ખાતે પેરા કેનો એશિયન ચેમ્પિયનશિપ - ૨૦૨૫માં ભાગ લેશે

### જાપાન ખાતે એશિયન ચેમ્પિયનશિપ - ૨૦૨૪માં સિલ્વર મેડલ મેળવ્યા બાદ બીજી વાર ભાગ લેનાર એક માત્ર ગુજરાતી પેરા ખેલાડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને ગુજરાતનું ગૌરવ એવા પેરા એથ્લેટીક્સ અને કેનો કાયાકિંગ ખેલાડી સોનલ વસોયા થાઈલેન્ડ ખાતે યોજાનાર પેરા કેનો એશિયન ચેમ્પિયનશિપ-૨૦૨૫ માં ભાગ લેવા જઈ રહ્યા છે.

પેરા કેનો કાયકિંગમાં ભાગ લેનાર એક માત્ર ગુજરાતી પેરા ખેલાડી એવા સોનલ વસોયાએ આ પૂર્વે જાપાન ખાતે યોજાયેલી પેરા કેનો એશિયન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ વર્ષે ભોપાલ ખાતે ભારતના ૨૦ ખેલાડીઓના સીલેકશનમાં પણ ગુજરાતમાંથી એક માત્ર ખેલાડી સોનલ વસોયાનું સિલેક્શન થયેલું છે.

આગામી તા. ૧૨ થી ૧૫ જૂન દરમ્યાન યોજાનાર કેનો ચેમ્પિયનશિપમાં ભાગ લેવા તેઓ ભોપાલથી દિલ્હી અને ત્યાર બાદ પટાયા ખાતે પહોંચી ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. ચેમ્પીયનશીપ પહેલાં સમુદ્રમાં તેઓ પેરા કેનોઈંગની પ્રેક્ટિસ કરશે. સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી ભારત દેશને મેડલ અપાવી ગુજરાતનું ગૌરવ વધારવાનો શ્રી સોનલબેને વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

તાજેતરમાં તેઓએ ભોપાલ ખાતે આયોજિત ૧૮મી પેરા કેનો નેશનલ ચેમ્પિયનશિપ કેનો બોટમાં ૨૦૦ મીટરની રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો અને કાયાકિંગ બોટમાં ૨૦૦ મીટરની રેસમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો છે.

### વિશ્વ પર્યાવરણ દિવસ

# વન કવચ થકી રાજકોટ જિલ્લાનો 30 હેક્ટર વિસ્તાર બન્યો લીલોછમ્મ

### એક લાખથી વધુ લહેરાતા રોપા થકી જિલ્લાના ગ્રીન કવરમાં થયો વધારોઃ પર્યાવરણ સંરક્ષણ હેતુ આશરે ૨૩ હેક્ટર જમીનને નવપલ્લવિત કરતું જિલ્લા વહીવટી તંત્ર

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન- ડો. દિવ્યા ત્રિવેદી**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતનું ગ્રીન કવરેજ સતત વધી રહ્યું છે. હરિયાણા અને રળિયામણા ગુજરાતના વિઝન સાથે ગુજરાતમાં વન વિસ્તારનો પણ વધારો થઈ રહ્યો છે. રાજકોટ જિલ્લામાં વન કવચ દ્વારા એક વર્ષમાં ૩૦ હેક્ટર વિસ્તાર હરિયાળો બન્યો છે.

રાજકોટ જિલ્લામાં ગત વર્ષે વન કવચ યોજના હેઠળ ૬ તાલુકાના સાત વિસ્તારમાં કુલ સાત હેક્ટર જમીન પર ૭૦ હજાર રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. જેમાં ગોંડલમાં એશિયાટિક કોલેજ પાછળ, ઉપલેટા તાલુકાના વડલા ગામે, વિંછીયા તાલુકાના મોટી લાખાવાડ તેમજ ભડલી ગામે પડધરી તાલુકાના નાના સગડીયા ગામે જેતપુરમાં કેરાળેશ્વર મહાદેવ મંદિર પાસે તેમજ રાજકોટમાં કુવાડવા પાસે ગિરનારી આશ્રમ ખાતે વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તમામ વન ખાતે ૭૦,૦૦૦ જેટલા રોપાને ઉછેરતા આજે આ રોપાઓ એક વયસ્ક વ્યક્તિ જેટલા લાંબા થઈ ગયા છે.

કલેકટર પ્રભવ જોશીએ વર્ષ ૨૦૨૪મા જિલ્લાના ગ્રીન કવરમાં વધારો કરવા સામાજિક વનીકરણ વિભાગને ૨૩ હેક્ટર જેટલી જમીન પર્યાવરણ સંરક્ષણ હેતુ વન નિર્માણ માટે આપી રાજકોટને વધુ લીલુંછમ્મ કરવાનો નિર્ધાર કર્યો હતો. જેમાં રાજકોટના ઈશ્વરીયા પાર્ક ખાતે ૫ હેક્ટર જમીન પર ૮,૦૦૦ રોપા, વિંછીયા તાલુકાના મોટી લાખાવડ ગામ અને સોમ પીપળીયા ગામના ઘેલા સોમનાથ ખાતે ૪-૪ હેક્ટર વિસ્તારમાં હેકટરદીઠ ૬૪૦૦ એમ કુલ ૧૨,૮૦૦ રોપા અને જેતપુર તાલુકાના થાણાગાલોલ ગામે ૧૦ હેક્ટર વિસ્તારમાં ૧૬,૦૦૦ રોપા મળી કુલ ૨૩ હેક્ટરમાં ૩૬,૮૦૦ રોપાઓ આજે લહેરાઈ રહ્યા છે.

માત્ર એક વર્ષમાં જ રાજકોટ જિલ્લામાં ૩૦ હેક્ટર જમીન વનરાવનમાં રૂપાંતરિત થઈ છે ત્યારે વર્ષ ૨૦૨૫માં વન કવચ યોજના હેઠળ ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં ૦૮ હેક્ટરમાં ૮૦ હજાર રોપા અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦ હેક્ટરમાં ૧,૩૦,૦૦૦ મળીને કુલ ૨ લાખ ૧૦ હજાર રોપાઓનું વાવેતર કરી તેને ઉછેરવામાં આવશે, ત્યારે રાજકોટવાસીઓ આગામી ચોમાસામાં વૃક્ષારોપણની નાની પહેલ થકી રાજકોટને વધુ હરિયાળું બનાવવા સહકાર આપી શકશે જે માટે સામાજિક વનીકરણ વિભાગની નર્સરીઓમાંથી નજીવા દરે રોપાઓ મેળવી શકાશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટ જિલ્લામાં રૂ. ૨૩૮.૧૨ કરોડના ખર્ચે નિર્મિત ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશનોનું લોકાર્પણ થશે

### જિલ્લાના ૫૦ હજારથી વધુ પરિવારો, વાણિજ્ય તથા ઔદ્યોગિક એકમો, કૃષિને અવિરત ગુણવત્તાયુક્ત વીજપૂરવઠો મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના શહેરી, વાણિજ્ય, ઔદ્યોગિક તથા કૃષિ વિસ્તારોને અવિરત વીજ પૂરવઠો પૂરો પાડવા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશનોનું રૂપિયા ૨૩૮ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૬ જૂનના રોજ આ સબ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવશે. આ નવા સબસ્ટેશનો થકી જિલ્લાના ૫૦ હજારથી વધુ પરિવારો, વાણિજ્ય તથા ઔદ્યોગિક એકમો, ખેડૂતો અવિરત ગુણવત્તાયુક્ત વીજપૂરવઠાથી લાભાન્વિત થશે.

રાજ્ય ઊર્જા પરિવહન નિગમ દ્વારા રાજકોટમાં રૂ. ૨૫.૦૭ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ના ભક્તિનગર સબ સ્ટેશનનું નિર્માણ કરાયું છે. ૪૦ એમ.વી.એ.ની ક્ષમતાવાળા આ સબસ્ટેશનના કાર્યરત થવાથી રાજકોટ શહેરી વિસ્તારના ભક્તિનગર સબસ્ટેશનની આજુબાજુના આશરે ૯૧૩૬ ગ્રાહકોને ફાયદો થયો છે. રાજકોટ તાલુકામાં રૂ. ૫૨.૫૫ કરોડના ખર્ચે નવું ૬૬ કે.વી. કોપરસેન્ડ સબસ્ટેશન બનાવાયું છે. જેના લીધે રાજકોટ શહેરી વિસ્તારના આ સબસ્ટેશનની આજુબાજુના આશરે ૧૧,૨૩૫ ગ્રાહકોને ફાયદો થયો છે. તાલુકામાં રૂ. ૩૨.૩૫ કરોડ ૬૬ કે.વી.ના કેસરી સબ સ્ટેશનનું નિર્માણ કરાયું છે. જેના લીધે આજુબાજુના આશરે ૭૨૮૩ ગ્રાહકોને ફાયદો થયો છે. ઉપરાંત રૂ. ૩૮.૦૧ કરોડના ખર્ચે નિર્મિત ૬૬ કે.વી. મેરીગોલ્ડ સબ સ્ટેશનથી આ વિસ્તારના આશરે ૧૪૦૨૩ ગ્રાહકોને ફાયદો થયો છે. જ્યારે રૂ. ૬૩.૮૯ કરોડના ખર્ચે બનેલા ૬૬ કે.વી.ના મિત્તલ પાર્ક સબ સ્ટેશનથી આજુબાજુના આશરે ૪૯૫૬ ગ્રાહકોને ફાયદો થયો છે. ગોંડલ તાલુકાના રીબડામાં રૂ. ૧૬.૦૯ કરોડના ખર્ચે ૬૬ કે.વી. રીબડા સબ સ્ટેશન બનાવાયું છે. જેના થકી ગોંડલ તાલુકાના રીબડા, વેરાવળ તથા પીપળીયા ગામ વિસ્તારના આશરે ૪૫૦૦ ગ્રાહકોને ફાયદો થયો છે.

કોટડા સાંગાણીના લોઠડામાં રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે બનાવાયેલા સબ સ્ટેશનથી આજુબાજુના આશરે ૯૬૬ ગ્રાહકોને ફાયદો થયો છે. આ બધા સબ સ્ટેશનોથી શહેરી વિસ્તારના રહેણાંક તથા ઔદ્યોગિક, વાણિજ્ય તથા કૃષિ વિસ્તારને અવિરત વીજ પુરવઠો પૂરો પાડી શકાશે તથા હયાત અને નવા વીજ કનેક્શનોની વધારાની વીજમાંગ સંતોષી શકાશે.

# વાહન વ્યવહાર કચેરી દ્વારા તા. ૧૧ જૂનથી ટુવ્હિલર માટે GJ-03-PG ગોલ્ડન - સિલ્વર નંબરનું ઓનલાઈન ઓકશન શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા મોટરસાઈકલ પ્રકારના વાહનો માટે GJ-03-PG સિરીઝનું ઓનલાઈન ઓક્શન તા.૧૧/૦૬/૨૦૨૫થી શરૂ કરવામાં આવનાર હોવાથી GJ-03-PG તથા અગાઉની સિરીઝના બાકી રહેતા ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા માટે ઇચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરી http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી ઓક્શનમાં ભાગ લઈ શકશે.

મોટરસાઈકલની સિરીઝ GJ-03-PG તથા અગાઉની સિરીઝના બાકી રહેતા ગોલ્ડન-સિલ્વર નંબરનું ઓનલાઈન ઓક્શન થશે. ઓક્શનમાં ગોલ્ડન-સિલ્વર તથા રેગ્યુલર નંબર મેળવવા તા.૧૧/૦૬/૨૦૨૫ના સાંજે ૦૪ કલાકથી તા.૧૬/૦૬/૨૦૨૫ સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા.૧૬/૦૬/૨૦૨૫ના સાંજે ૦૪૦૧ કલાકથી તા.૧૮/૦૬/૨૦૨૫ના સાંજે ૦૪૦૦ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૦૪૧૫ કલાકે પરીણામ ઓનલાઇન જાહેર થશે.

અરજદારોએ ઓનલાઈન એપ્લિકેશન કરવા માટે parivahan.gov.in વેબસાઇટ પર જઈ ઓનલાઈન સર્વિસ પર ક્લિક કરવું. ત્યારબાદ fancy number booking પર ક્લિક કરીને પબ્લિક યુઝર પર આઈ.ડી. બનાવવાનું રહેશે. અને સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ તેમાં પસંદગીનો નંબર સિલેક્ટ કરી ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ હરરાજીમાં ભાગ લઈ શકાશે. ત્યારબાદ પાંચ દિવસમાં હરરાજીની બાકીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીઓથી એપ્રુઅલ લઈ નંબર મેળવી વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લામાં કોરોનાના સાત કેસ નોંધાયા

### તાવ, ઉધરસ કે શ્વાસ લેવામા તકલીફ જણાય તો તુરંત નજીકના દવાખાને તપાસ કરાવો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં કોરોનાના કેસ જોવા મળ્યા છે. જેમાં રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં કોવીડ-૧૯ પોઝીટીવના સાત કેસ નોંધાયા છે. જેઓને આરોગ્ય વિભાગ દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. સાથે જ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સાવચેત રહેવા અનુરોધ કરાયો છે.

આ રોગનો ફેલાવો ન થાય તે માટે જે વ્યક્તિઓને ડાયાબિટીસ, હાયપર ટેંશન, અસ્થમા વગેરે જેવી બિમારીઓ હોય, અથવા હૃદય, કિડની, કેન્સર જેવી ગંભીર બીમારીઓ હોય તેમણે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવુ હિતાવહ છે. તેમજ જેમને શરદી, ખાંસી, તાવ કે ઉધરસ જેવા લક્ષણો હોય તેમનાથી સામાજિક અંતર રાખવુ જોઈએ.

જો તાવ, ઉધરસ કે શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તુરંત જ નજીકના સરકારી અથવા ખાનગી દવાખાને સારવાર લેવી જોઈએ. સામાન્ય વ્યકિતને મળતી વખતે હાથ મિલ-ાવવાને બદલે નમસ્તે મુદ્રામાં અભિવાદન કરવું જોઈએ. માસ્ક પહેરવું તથા નિયમિતપણે સાબુથી હાથ ધોવા અથવા સેનિટાઈઝરનો ઉપયોગ કરવા સહિતની બાબતોની કાળજી લેવા આરોગ્ય તંત્ર દ્વારા ખાસ અપીલ કરાઈ છે. જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.આર.ફુલમાલી અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આ કામગીરી અસરકારક રીતે કરાઈ રહી છે.

# આંતરરાષ્ટ્રીય હાર્ટફુલનેસ ધ્યાનની સંસ્થા દ્વારા રાજકોટના મહાનુભાવોનું પ્રો ચંદેના જન્મદિવસે સન્માન - અભિવાદન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંસ્થા દ્વારા ૧૬૦ થી પણ વધારે દેશોમાં લાખો લોકો હૃદય આધારિત ધ્યાન પદ્ધતિ સાથે સક્રિય રીતે જોડાઈ આધ્યાત્મિક તેમજ સંતુલિત જીવન જીવવા માટે પદ્ધતિનો નિઃશુલ્ક લાભ લઈ રહ્યા છે. રાજકોટ શહેરમાં પણ અલગ અલગ જગ્યાએ નિયમિત રીતે અનેક લોકો ધ્યાન પદ્ધતિનો લાભ લઈ રહ્યા છે.

ધ્યાન પદ્ધતિના સર્ટિફાઇડ ટ્રેનર - પ્રશિક્ષક તેમજ લાઈફ કોચ પ્રો લલિત ચંદે ના જન્મ દિવસ નિમિત્તે અમૃતેશ્વર ગાર્ડન તેમજ બાલમુકુંદ ગાર્ડન લાફિંગ ક્લબના સભ્ય તેમજ અંગત મિત્ર વર્તુળ સાથે એક કાર્યક્રમનું ડિનર સાથે તારીખ ૨૮ મે બુધવારના રોજ સાંજે આયોજન થયેલું. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ પત્રકારોની હાજરીમાં રાજકોટના ધ્યાન પદ્ધતિમાં નિસ્વાર્થ ભાવે સક્રિય રીતે યોગદાન આપનારા ૧૦ જેટલા મહાનુભાવોનું હાર્ટફૂલેસના પ્રશિક્ષકો તેમજ સમાજ શ્રેષ્ઠિઓ દ્વારા અભિવાદન કરવામાં આવેલ હતું.

સન્માનિત થયેલા મહાનુભાવો માં બાલમુકુંદ ગાર્ડનના પ્રતાપભાઈ જાની, અમૃતેશ્વર ગાર્ડનના રમેશભાઈ અનડકટ, મહાત્મા ગાંધી સ્કૂલ ના ટ્રસ્ટી નીતિન ભાઈ પરીખ, આશીર્વાદ કોમ્પ્લેક્સના નટુભાઈ ચંદારાણા, અનિલ જ્ઞાનમંદિરના આચાર્ય છાયાબેન દવે, મોડેલ સ્કૂલના આચાર્ય ભાવનાબેન લીડીયા, ઈન્ટાસ ફાર્મા - અપના ઘર એનજીઓ (NGO)ના સંચાલિકા બહેન પૂજાબેન ભટ્ટ, રેસકોર્સ લાફિંગ ક્લબના રાજેશભાઈ મહેતા, શ્રી નાદ લાફિંગ ક્લબના બહેન મધુબેન ત્રિવેદી , ગુજરાત બોર્ડના યોગાચાર્ય કિશોરભાઈ રાઠોડ તેમજ પ્રવીણભાઈ કાશીયાણી વગેરેનું અભિવાદન કરવામાં આવેલું.

આંતરરાષ્ટ્રીય હાર્ટફૂલનેસના વૈશ્વિક ગાઈડ તેમજ રાષ્ટ્રપતિના હાથે પદ્મવિભૂષણ એવોર્ડ થી સન્માનિત પરમ આદરણીય દાજી ના વિઝન '' હર ઘર ધ્યાન , હર દિલ ધ્યાન '' ચરિતાર્થ કરવામાં તન અને મનથી સહયોગ આપનારા તમામ લોકોનો રાજકોટ સેન્ટરના



પ્રશિક્ષક શ લલિત ભાઈ ચંદે એ આભાર સાથે હર્ષ વ્યક્ત કર્યો હતો.

આ ખાસ પ્રસંગે આમંત્રણ ને માન આપી અનેક સમાજ શ્રેષ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેના હાથે સન્માન થયું એ મહાનુભાવો માં દીપકભાઈ વ્યાસ, વોરા - પત્રકાર મિત્રો સુનિલભાઈ જોશી , રાજુભાઈ મહેતા, કેતુભાઈ વજીરિયા , નિમેશભાઈ ગોંડલીયા, ડો. ધીરુભાઈ ચંદે તેમજ રાજકોટના પ્રશિક્ષકો તુષારભાઈ ચાણપુરા તેમજ નૂપુરબેન ગુપ્તા દ્વારા સન્માન કરવામાં આવેલ.

જસ્મીનભાઈ ચંદે, ધર્મેન્દ્રભાઈ ધોળકિયા , અનિલભાઈ માવદીયા, પ્રવીણસિંહ જાડેજા , પુજારા ભાઈ , રમેશભાઈ આશાણી , તારક ભાઈ સેતા , અમિત ગજ્જર , પરાગભાઈ ગોધારી , કિશોરભાઈ રાઠોડ , જગદીશ ભાઈ કક્કડ ,પરેશભાઈ પઢિયાર તેમજ આશીર્વાદ કોમ્પલેક્ષના મિત્રોએ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવેલ. કાર્યક્રમનું સુંદર સંચાલન જયકિશનભાઈ રામચંદાણીએ કર્યું હતું. પ્રો ચંદે એ જન્મદિવસની લાગણીસભર શુભેચ્છાઓ અને આશીર્વાદ બદલ તમામનો હૃદય પૂર્વક આભાર માનેલ.

# ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા



### કોમર્શીયલ તથા રહેણાંક હેતુનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નર એચ. આર. પટેલની સૂચના અનુસાર તથા એડી. સીટી એન્જીનીયર એ. એ. રાવલના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારપૈકી વોર્ડ નં.૩મા ટી.પી.સ્કીમ નં.૩૮/૧(માધાપર) મા ૧૮ મીટર ટી.પી.રોડ પર અંદાજે ૩૦૦ ચો.મી. કોમર્શીયલ હેતુનુ ગેરકાયદેસર બાંધકામ અને ટી.પી.સ્કીમ નં.૩૮/૧(માધાપર) મા ૨૧ મીટર ટી.પી.રોડ પર અંદાજે ૨૦૦ ચો.મી. રહેણાક હેતુનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામા આવેલ છે.

આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ,બાંધકામ શાખા, જગ્યા રોકાણ શાખા, રોશની શાખા, પર્યાવરણ શાખા, ફાયર બ્રીગેડ શાખા, સ્થળ પર હાજર રહેલતથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

### રાજકોટમાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ૫ જૂને વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક એકત્રીકરણ કરાશે

દર વર્ષે તા. ૦૫ જૂનના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ' ઉજવાય છે. રાજકોટમાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી નિમિત્તે તા. ૦૫ જૂનના રોજ સવારે ૦૯ કલાકે વન ચેતના કેન્દ્ર, આજી ડેમ ખાતે 'નમો વડ વન'માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. ત્યાર બાદ પ્લાસ્ટિક મુક્ત અભિયાન હેઠળ 'નમો વડ વન'થી 'રામ વન' સુધી પ્લાસ્ટિક એકત્રીકરણ કરવામાં આવશે, તેમ નાયક વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લામાં સરપંચના પદ માટે ૪ અને સભ્યના પદ માટે ૧૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આગામી તા. ૨૨ જૂન, ૨૦૨૫ના રોજ ગ્રામ પંચાયતો માટે ચૂંટણી યોજાશે. જે અન્વયે કુલ ૨૪૩ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૬૪ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાનારી છે. જેમાં રાજકોટ જિલ્લામાં સરપંચના પદ માટે કુલ ૦૪ અને સભ્યના પદ માટે કુલ ૧૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

રાજકોટ જિલ્લાના તાલુકા પ્રમાણે જોઈએ તો રાજકોટ તાલુકામાં ૪૬ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૫ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, કોટડાસાંગાણી તાલુકામાં ૧૭ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૨ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, લોધીકા તાલુકામાં ૧૩ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૧ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, પડધરી તાલુકામાં ૨૮ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૩ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, ગોંડલ તાલુકામાં ૩૪ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, જેતપુર તાલુકામાં ૨૫ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૩ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, ધોરાજી તાલુકામાં ૧૧ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૨ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, ઉપલેટા તાલુકામાં ૧૭ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૪ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, જામકંડોરણા તાલુકામાં ૨૫ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૦૭ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, જસદણ તાલુકામાં ૧૫ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૧૫ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી તેમજ વિંછીયા તાલુકામાં ૧૨ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી અને ૧૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાનારી છે.

આ ઉપરાંત, ૦૪ જૂન, ૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ તાલુકામાં સરપંચની ચૂંટણી માટે કુલ ૦૩ અને સભ્યની ચૂંટણી માટે કુલ ૦૮, ગોંડલ તાલુકામાં સભ્યની ચૂંટણી માટે કુલ ૦૨, ધોરાજી તાલુકામાં સભ્યની ચૂંટણી માટે કુલ ૦૧, ઉપલેટા તાલુકામાં સભ્યની ચૂંટણી માટે કુલ ૦૪, જામકંડોરણા તાલુકામાં સરપંચની ચૂંટણી માટે કુલ ૦૧ તેમજ જસદણ તાલુકામાં સભ્યની ચૂંટણી માટે કુલ ૦૪ ફોર્મ ભરાયા છે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પંજાબથી રાજકોટ આવતા ટ્રકમાંથી રૂા.૮૦ લાખનો દારૂ-બિયર ઝડપાયો





## ૯૦.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત: રાજસ્થાની શખ્સની ધરપકડ: પાણશીણા ચેક પોસ્ટ પર ચેક કરતા પ્લાસ્ટીકના રોલની આડમાં દારૂ-બિયરનો છુપાવેલો જથ્થો મળ્યો

**મુખ્ય સમાચાર, વઢવાણ**

લીંબડી અમદાવાદ હાઈવે પર પાણશીણા ચેક પોસ્ટ પરથી પોલીસે ૮૦.૫૪ લાખનો વિદેશી દારૂ તથા બિયરના જથ્થા સાથે રાજસ્થાનના શખ્સને ઝડપી પાડયો હતો. પોલીસ દારુ, બિયર, મોબાઈલ તથા રોકડ મળીને ૯૦.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરીને શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. અમદાવાદથી એક ટ્રકમાં સફેદ પ્લાસ્ટિકના રોલની આડમાં વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો ભરીને રાજકોટ તરફ જવા નીકળે છે. તેવી બાતમી પાણશીણા પોલીસને ચૂંટણી અનુસંધાને વાહન ચેકિંગ દરમિયાન મળી હતી. બાતમીવાળો ટ્રક પાણશીણા ચેક પોસ્ટ પર પહોંચતા ટ્રક ચાલકને ઉભો રાખીને તેનું નામ ઠામ પુછતાં તેણે તેનું નામ મોહનલાલ ધીમારામ ખિચ્ચડ (રહે. હાલીવાવ તા. ચીતલવાડ જી. ઝાલોર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે ટ્રકની અંદર તપાસ હાથ ધરતાં ટ્રકમાં પ્લાસ્ટિકના રોલની આડસમાં વિદેશી દાર-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂની ૧૪,૩૨૮ નંગ બોટલ (કિં.રૂ. ૭૮,૫૨,૮૦૦), બિયરના ૮૪૦ નંગ ટીન (કિ.રૂ.૨,૦૧,૬૦૦), એક ટ્રક (કિં.રૂ.૧૦,૦૦,૦૦૦), એક મોબાઈલ (કિં.રૂ.૫,૦૦૦) તથા રોકડ રકમ રૂપિયા ૧,૦૦૦ મળીને કુલ રૂપિયા ૯૦,૬૦,૪૦૦ના મુદ્દામાલ સાથે મોહનલાલને ઝડપી પાડયો હતો. પોલીસે મોહનલાલની પુછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો પંજાબ ખાતેથી ભરીને રાજકોટ પહોંચાડવાનો હતો. જ્યારે પોલીસે આ બનાવ અંગેનો મોહનલાલ તથા વિદેશી દારૂ તથા બીયર નો જથ્થો ભરી આપનાર અને તપાસમાં ખુલ્લે તે તમામ શખ્સો વિરૂદ્ધ પાણશીણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી હતી. પંજાબથી રાજકોટ જતા ટ્રકમાંથી રૂ.૮૦ લાખનો દારૂ- બિયરનો જથ્થો ઝડપાયો.

# ઉપલેટાના ઢાંક ગામે બેડરૂમમાં છૂપાવેલો ૪.૬૯ લાખનો દારૂ પકડાયો




## પોલીસે ડબલ બેડ નીચે બનાવેલા અન્ડરગ્રાઉન્ડ ખાનામાંથી દારૂનો જથ્થો શોધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના ઢાંક ગામે ભાયાવદર પોલીસે દરોડો પાડીને બુટલેગર રમેશ ઉર્ફે રામો પોલાભાઈ ઓડેદરાએ તેના ઘરમાં બેડરૂમની અંદર ડબલબેડ પલંગ નીચે અન્ડર ગ્રાઉન્ડ ખાનુ બનાવીને છૂપાવેલો ૪,૬૮,૯૭૩ની કિંમતનો ૩૮૦ બોટલ વિદેશી દારૂ તથા બિયરના ટીનનો જથ્થો પકડી પાડયો હતો. જથ્થો મળી આવતા બુટલેગરની ૧૦ લાખની કાર કબજે લેવાઈ છે.

ધોરાજીના ડીવાયએસપી સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ પીઆઈ વી.સી. પરમાર તથા સ્ટાફે ઢાંક ગામે રાજપરા રોડ પર પી.ડી. માલવિયા સ્કૂલની બાજુમાં આવેલા રહેણાંક મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસે મકાનની તલાશી લીધી હતી. આરોપીના બેડરૂમમાં જઈ બેડને હટાવતા નીચે અન્ડરગ્રાઉન્ડ ખાનુ બનાવાયેલું હતું જે તલાશી લેતા અંદરથી જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે જી.જે.૨૫-એ.એ.૭૫૭૭ નંબરની બ્લેક કલરની એમ.જી. હેક્ટર કાર મળી ૧૪,૮૨,૯૭૩નો મુદ્દામાલ કબજે લીધો હતો. આરોપીએ ઘરમાં સીસીટીવી રાખ્યા હતા જે ડીવીઆર તેમજ બે મોબાઈલ ફોન કબજે લીધું છે.

# ગોંડલની શાળાના NCC કેડેટસનાં મેસેજ ગ્રૃપમાં અશ્લીલ ફોટા અપલોડ કરનાર શખસ ઝડપાયો

## વિદ્યાર્થિનીઓ અને વાલીઓમાં હોબાળો મચી ગયો પૂછપરછ કરતા સુરેન્દ્રનગરના શખસે કૃત્ય કબૂલ્યું

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલની કન્યાશાળામાં ચાલતા એનસીસી યુનિટની બાળાઓનાં મેસેજ ગૃપમાં કોઇ એ અશ્લીલ ફોટા અપલોડ કરતા વિદ્યાર્થીનીઓ તથા વાલીઓમાં હોબાળો મચી ગયો હતો.બનાવને લઈને સ્કુલનાં પ્રિન્સિપાલે એડીવીઝન પોલીસમાંફરિયાદ કરતા પી.આઈ. એલ. આર.ગોહીલે બનાવની ગંભીરતા લઈ હ્યુમન અને ટેકનીકલ સોર્સનાં માધ્યમથી વોટસઅપ મેસેજ ગૃપમા અશ્લીલ ફોટા અપલોડ કરનાર સુરેન્દ્રનગરમાં કૃષ્ણ નગર બાપાસિતારામ મઢુલી પાસે રહેતા સમીર કાદર આરબ ઉ.૩૭ નામનાં શખસને ઉઠાવી લઈ પુછપરછ કરતા તેણે અશ્લીલ ફોટા અપલોડ કર્યાની કબુલાત આપી હતી. આ



કન્યાશાળાનાં એનસીસી યુનિટમાં ૪૨ જેટલી વિદ્યાર્થીનીઓ કેડેટ તરીકે જોડાયેલી છે.

એનસીસી ને લગતા મેસેજ માટે કેડેટસનાં મોબાઈલ માં જુનિયર-૨૩ નામનું ગૃપ કાર્યરત કરાયુ છે.એનસીસી નાં કેમ્પસ કે તાલીમ, પરેડ વગેરે માટે જરુરી સુચના આ ગૃપમાં મુકાતી હોય છે.જેથી કરીને કેડેટસ ને મેસેજ મળી રહે.દરમિયાન થોડા દિવસ પુર્વે આ ગૃપમાં હોટ સેક્સી ગર્લ્સ વિડીયો કોલીંગ ચેટીંગ એપ નામે યુવતીનાં બિભત્સ ફોટા અપલોડ કરાયા હોય વિદ્યાર્થીનીઓ માં હડકંપ મચી જવા પામ્યો હતો.

બનાવ અંગે વાલીઓ એ શાળાનાં પ્રિન્સિપાલ ને જાણ કરી હતી.અપલોડ કરાયેલા અશ્લીલ ફોટા સાથે કેટલાક મોબાઇલ નંબર પણ હોય પોલીસે આ નંબર પરથી આવી અભદ્ર હરકત કરનાર ને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા.અને અભદ્ર હરકત કરનારને ઉઠાવી લીધો હતો.પોલીસે સમીર આરબની વિશેષ પુછપરછ હાથ ધરી છે.

# શિવાજીનગરમાં ઘરકામ બાબતે મોટી બહેન સાથે ઝઘડો થતાં સગીરાનો આપઘાત

## મોટી બહેન બહાર જતાં જ સાડી વડે ફાંસો ખાઈ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં માતા-પિતા કામ પર ગયા બાદ બે બહેનો વચ્ચે ઘરકામને લઈને ઝઘડ બાદ મોટી બહેન બહાર જતાં જ ૧૬ વર્ષીય સગીરાએ સાડીથી ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી નાખી હતી. પરીવારમાં શોક છવાઈ ગયો હતો.

આ અંગે ની વિગતો મુજબ, ભાવનગર રોડ શિવાજીનગર ૧૬માં રહેતી ૧૪ વર્ષી ય જાગૃતિ ગૌરધનભાઈ શિયાળ નામની

સગીરાએ ઘરે ગઈકાલે સવારે છતના હુકમાં સાડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ને જાણ કરતા ફરજ પરના તબીબે સગીરાને મૃત જાહેર કરી હતી.

બનાવ અંગે જાણ થતાં થોરાળા



પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમા જાણવા મળ્યું હતું કે, મૃતક જાગૃતિને તેની મોટી બહેન કોમલ સાથે ઘરકામ બાબતે ઝઘડો થયો હતો જે વાતનું લાગી આવતા તેણીએ આ પગલું ભરી લીધું હતું.

વધુમાં તે એક ભાઈ ચાર બહેનમાં નાની હતી તેણીના પિતા ગોરધનભાઈ મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પુત્રીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

# સાંસદે ભલામણ કરી છતાં તોલમાપ અધિકારીએ રૂા.૨૫૦૦૦ ખંખેર્યા

## સાંસદ મોકરિયાએ કહ્યું કે જે હોય તે લિગલ કરજો, તોલમાપ અધિકારીએ ૧૨૦૦૦ શુલ્ક વસુલીને બીજા ખીસ્સામાં નાખ્યા સાંસદની ઓફિસે આવીને માફી માગી નાણાં પરત કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રજાના પ્રતિનિધિ સાંસદ રામભાઈ મોકરિયાની ભલામણ હોવા છતાં રાજકોટ તોલમાપ વિભાગના અધિકારી બંસીલાલ ચૌહાણને ૨૫૦૦૦ રૂપિયા ખીસ્સામાં નાખવા ભારે પડી ગયા હતા. વર્ગ-૨ના અધિકારી ચૌહાણે પછી તો સાંસદની ઓફિસે રૂબરૂ દોડી ગયા અને કાકલુદી કે માફામાફી કરીને જે તે પાર્ટી પાસેથી લીધેલા ૨૫૦૦૦ પણ પરત કરી દીધા. સરકારી વિભાગોમાં બેફિકર કે બેખોફ બનીને નાણાં લેવાતા હશેનો આ એક નમુના માત્ર છે. જો આવી રીતે લોક પ્રતિનિધિઓ આવી સજાગતા દાખવે તો ભ્રષ્ટ બાબુઓને બ્રેક આવે કે લગામ આવી શકે.



યુનિવર્સિટી રોડ પર આવેલી કાનૂની વિજ્ઞાન અને તોલમાપ કચેરીની ટીમ સાંજે કુવાડવા રોડ પર સેન્ડી નામે મિક્સચર બનાવતી કંપની પર જઈ ચડી હતી. ફેક્ટરીના માલિક રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાના પરિચિત હોવાથી તેઓએ તોલમાપ વિભાગની ટીમ આવી હોવાની વાત કરી હતી. સાંસદ મોકરિયાએ તોલમાપ વિભાગના અધિકારીને ફોનમાં વાત કરી પોતાની ઓળખ આપી હતી

અને જે કાયદેસર દંડ થતો હોય તે લઈ લ્યો, ખોટી હેરાનગતિ ન થાય તે બાબતે સૂચિત કર્યા હતા સાથે ફેક્ટરી ઓનરને પણ અધિકારીઓને સહયોગ આપવા કહ્યું હતું.

તોલમાપ વિભાગની ટીમ દ્વારા ૧૨ હજાર રૂપિયાનો શુલ્ક વસુલાયો હતો અને વધારાની ૨૫૦૦૦ની રકમની પણ રોકડી કરી લેવા, હતી જે બાબતે સાંસદને ખ્યાલ આવતા તેમણે અધિકારીને દંડ કરજો પણ હેરાન ન કરતા આવું કેમ કર્યું પૈસા કેમ લીધા કહીને શાનમાં સમજાવતા અધિકારી દ્વારા ૨૫૦૦૦ની રોકડ પરત કરી દેવી પડી હતી. ખોટું થઈ ગયું કે ભરાઈ પડયાનું ભાન થતાં અધિકારી બંસીલાલ સાંસદ રામભાઈની ઓફિસે દોડી ગયા હતા. આકરો અહેસાસ થતાં અધિકારીએ ઓફિસે દોડી જઈને સાંસદ સમક્ષ દિલગીરી વ્યક્ત કરી માફામાફી કરી હોવાનું જાણવા મળે છે.

બંસીલાલ વર્ગ-૨ના અધિકારી હોવાનું અને તેમની નીચે ઈન્સ્પેક્ટર્સની ટીમ હોય છે. ઈન્સ્પેક્ટર્સના કામના સુપરવિઝનની કનૂની જવાબદારી તેઓ નિભાવતા હોવાની કચેરીના માધ્યમોમાંથી જાણકારી મળે છે.

# નોટબૂક, ટેક્સબૂક, યુનિફોર્મ ગમે ત્યાંથી ખરીદી શકશે: શાળા સંચાલકોએ કરી સ્પષ્ટતા

## શાળા દ્વારા આપવામાં આવેલી માહિતીને ફક્ત સૂચન સમજવું, આદેશ નહીં: ડી.વી. મહેતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ દ્વારા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની તમામ શાળાના વાલીઓ અને વિદ્યાર્થીઓ ને ખાસ માહિતી આપવામાં આવે છે કે પોતાના બાળકોના નોટબુકસ, પાઠયપુસ્તકો, સ્ટેશનરી અને યુનિફોર્મ કોઈપણ સ્ટોરમાંથી, જ્યાંથી તેમને યોગ્ય લાગે ત્યાંથી ખરીદી શકે છે.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનો વાલીઓને માહિતી આપવાનો ઉદ્દેશ્ય શાળાના તમામ વિદ્યાર્થીઓમાં યુનિફોર્મમાં સાતત્ય જળવાઈ રહે, ખાસ કરીને યુનિફોર્મના કપડામાં, ડિઝાઈનમાં અને યુનિફોર્મના સિલાઈમાં સમાનતા રહે તે માટે આગ્રહ રાખવામાં આવતો હોય છે. સાથે દરેક શાળા જુદા જુદા પબ્લિકેશન્સની બુક અભ્યાસક્રમમાં ચલાવતી હોય છે ત્યારે વાલીઓને

જુદી જુદી જગ્યાએ ધક્કા ન ખાવા પડે તે ઉદ્દેશ્યથી શાળાઓ દ્વારા વાલીઓને માહિતી આપવામાં આવતી હોય છે. આ કારણસર સ્વનિર્ભર શાળાઓ દ્વારા જે માહિતી આપવામાં આવે છે તેને વાલીઓ એક સૂચન તરીકે સમજે, આદેશ તરીકે નહિ તેવું સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ તમામ વાલીઓને જાણ કરે છે

વાલીઓ ઈ કોમર્સનો પણ ઉપયોગ કરી અને ઓનલાઇન પણ જરૂર વસ્તુઓ ખરીદી શકે છે. તમામ શાળાઓનો ઉદ્દેશ્ય વાલીઓની સગવડતા અને તેમના સમયની બચત સાથે શાળામાં સાતત્ય જળવાય રહે તેવો જ હોય છે. એટલે આમ ફરી એક વખત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ ખુલાસો કરે છે કે વાલીઓએ શાળાઓ દ્વારા આપવામાં આવેલ માહિતી ને સૂચન સમજવું આદેશ નહિ.

# સસરાની લાઈસન્સવાળી બંદુક સાથે લગ્નમાં ડાન્સ કરવો જમાઈને ભારે પડયો

## બંદુક સાથે દાંડિયા-રાસના અવસરમાં ડાન્સ કર્યો હતો: વર્ષ ૨૦૨૪ના મામલે હથિયારના પરવાનેધારક સહિત બે સામે ચૂડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

વઢવાણમાં રહેતા યુવાનના વર્ષ ૨૦૨૪માં લગ્ન હતા. ત્યારે ચૂડા સસરાના ઘરે યોજાયેલા દાંડીયા-રાસના અવસરમાં સસરાની પરવાનાવાળી બંદુક સાથે જમાઈએ ડાન્સ કર્યો હતો. આ વીડિયો એસઓજી ટીમના ધ્યાને આવતા સસરા અને જમાઈ બન્ને શખ્સો સામે આર્મ્સ એકટ મુજબ ચૂડા પોલીસ મથકે ગુનો નોંધી તેમની ધરપકડ કરાઈ છે.

આ અંગેની માહિતી મુજબ વઢવાણની સુડવેલ સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય શાહરૂખ રૂસ્તમભાઈ કોંઢીયાના તા. ૧૦-૧૦-૨૪ના રોજ લગ્ન હતા. જેમાં ચૂડાના ગુલાબનગરમાં રહેતા સસરા ઈમરાનભાઈ અબ્બાસભાઈ જરગેલાને ત્યાં રાત્રે દાંડીયા રાસ હોઈ શાહરૂખ ત્યાં ગયો હતો. અને દાંડીયા રાસ દરમિયાન



ઈમરાનભાઈની પરવાનાવાળી બંદુક સાથે તેણે ડાન્સ કર્યો હતો. આ ડાન્સનો કોઈએ વીડીયો ઉતારી લીધો હતો. અને આ વીડિયો તાજેતરમાં એસઓજી ટીમને ધ્યાને આવ્યો હતો. આથી એસઓજીએ શાહરૂખને બોલાવી વીડિયો બતાવી પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી. જયારે સસરા ઈમરાન જરગેલાની બોલાવી પુછપરછ કરી બંદુક કબજે કરી બન્ને સામે ચૂડા પોલીસ મથકે ફરિયાદ નોંધી ધરપકડ કરી છે. વધુ તપાસ વી.એમ.ખેર ચલાવી રહ્યા છે.

# મવડી વિસ્તારમાં પાડોશી શખસે માતાની ઉંમરની મહિલાને કર્યા શારીરિક અડકલા

## મહિલા છત પર સુતી હતી ત્યારે છેડછાડ કરી, પોલીસે કરાવ્યું કાયદાનું ભાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી વિસ્તારમાં ઉમિયા ચોક નજીક આવેલી એક સોસાયટીમાં રહેતા શખસે બાજુના મકાનમાં રહેતી અને છત પર સુતેલી માતાની ઉંમરની મહિલાની શારીરિક છેડછાડ કર્યાની ઘટના તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે આરોપીને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ મહિલા ગત રાત્રે ગરમીને લઈને તેના મકાનની છત પર પરિવાર સાથે સુતી હતી. એ દરમિયાન વહેલી સવારે ચારેક વાગ્યા બાદ પાડોશમાં મકાનમાં રહેતો ગોપાલ દિનેશભાઈ બાલધા (ઉ.વ.૨૧) નામનો શખસ ઘસી આવ્યો હતો.



મહિલા સાથે શારીરિક કૂચેષ્ટા કરવા લાગ્યો હતો. અજાણ નિંદ્રાધિન મહિલા કંઈક અજુગતું થયાનું લાગતા નિંદ્રામાંથી જાગી ગઈ હતી અને પાડોશી શખસને જોઈને હો-હા, દેકારો કરતાં અન્યો પણ જાગી ગયા હતા. નાસી છૂટેલા પાડોશી શખસને પરિવાર, અન્ય પાડોશીઓએ પકડી પાડયો હતો. તાલુકા પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો. પીએસઆઈ ક્રિષ્ના કારેણા, અજયસિંહ જાડેજા, જયદીપ દેવમુરારીએ મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી ધરપકડ કરી હતી. પીઆઈ ડી.એમ. હિરપરા તથા સ્ટાફે આરોપીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

# સગીરા પર દુષ્કર્મના કેસમાં રાજકોટના શખસને પડી ૨૦ વર્ષની કેદ

## હોસ્ટેલમાંથી બે વખત ઉઠાવી દિલ્હી-મુંબઇ લઇ જઇ કુકર્મ કર્યાના આરોપમાં ધોરાજીની કોર્ટે ફટકારી સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં આરોપી નરાધમ જામીનમુક્ત થયા બાદ ફરી તેણીને હોસ્ટેલમાંથી ભગાડી દિલ્હી-મુંબઈ સહિતના શહેરમાં લઈ જઈ ફરી સગીરા પર કુકર્મ ગુજારવાનો કેસ ચાલી જતાં ધોરાજી સેશન્સ કોર્ટે આરોપી અભય ઉર્ફે સની ધીરુભાઈ ચૌહાણને ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે.

આ કેસની હકિકત મુજબ, જામકંડોરણા પોલીસ મથકમાં ભોગ બનનારના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓની સગીરવયની પુત્રી હોસ્ટેલમાંથી નીકળી ગઈ હતી.

તેના આધારે ગુનો નોંધી તપાસ કરતા ભોગ બનનાર તથા આરોપી અભય ઉર્ફે સત્રી દિલ્હીથી મળી આવેલા હતા. પોલીસ તપાસના આરોપી અભય ઉર્ફે સની વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું

પરણિત સંતાનોના પિતા એવા આરોપી અભય ઉર્ફે સન્ની બે વર્ષ પૂર્વે ગોંડલથી ભગાડી મુંબઈ ગયેલા હતા ત્યાં ૨૦ દિવસ જેવો સમય રહેલા પરંતુ પકડાઈ જતા પોલીસે સગીરાને માતા પિતાને સોંપેલ અને જે બાદ તેણીની હોસ્ટેલમાં મૂકી હતી આરોપી અભય ઉર્ફ સત્રી ગોંડલના પોક્સો કેસમાં જેલમાં હતો. તે જામીન ઉપર છૂટતા ફરીથી ભોગ બનનારના સંપર્કમાં આવેલ. અને ભોગ બનનારને સાદો કીપેડ વાળો મોબાઈલ મોબાઈલ અપાવેલો. મોબાઈલ હોસ્ટેલના ગૃહ માતાની સર્તકતાના લીધે પકડાઈ જતા ભોગ બનનારને ભય લાગેલો અને તે વંડી ટપીને ભાગી ગયેલા અને અગાઉથી નક્કી કર્યા પ્રમાણે આરોપી અભય અને તેનો મિત્ર સાગર પુલ પાસે ઊભા હતા. ત્યાંથી ભોગ બનનાર આરોપી અભય અને સાગર રાજકોટ થઈ દિલ્હી જતા રહેલ અને દિલ્હીના કોઈ વિસ્તારમાં ઘર ભાડે રાખી પતિ-પત્નીની જેમ રહેતા અને આરોપી અભ્ય ૧૬ વર્ષીય સગીરા સાથે શરીર સંબંધ બાંધતો હતો.

આરોપી પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખ તરફની રજૂઆતો બંને પક્ષકારોની વિગતવાર દલીલો લો અને રજૂઆતોને અંતે ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુદ્ધા શેખે આરોપી અભય ઉર્ફે સની ધીરુભાઈ ચૌહાણને ૨૦ વર્ષની સજા તથા રૂપિયા ૫૦૦૦ દંડ ફટકાર્યો હતો.

# મોરબીમાં PSI અને હેડ . કોન્સ્ટેબલ રૂ.૧.30 લાખની લાંચ લેતા ઝડપાયા

## અરજીની તપાસના નામે અગાઉ એક લાખ લીધા: અમદાવાદ એસીબીએ લાંચનું છટકુ ગોઠવ્યુ, પોલીસબેડામાં સન્નાટો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી માં અમદાવાદ એસીબીની ટીમે સપાટો બોલાવી એક પીએસઆઈ અને હેડ કોન્સ્ટેબલને રૂ.૧.૩૦ લાખની લાંચ લેતા ઝડપી લેતા મોરબી જિલ્લાના સમગ્ર પોલીસબેડામાં સન્નાટો છવાઈ ગયો છે.

આ અંગે ની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના તાબા હેઠળની નગરદરવાજા ચોકીના ઈન્ચાર્જ પીએસઆઈ એ.એસ. શુક્લા અને હેડ કોન્સ્ટેબલ હિતેશ મકવાણાએ અરજીની તપાસના નામે વ્યક્તિ પાસેથી અગાઉ રૂ. ૧ લાખની લાંચ લીધા બાદ વધારાની રૂ.૧.૩૦ લાખની રકમ માંગી હોવાથી ભોગ બનનાર વ્યક્તિ લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીનો સંપર્ક કરતા અમદાવાદ એસીબીની ટીમે બુધવારે મોરબીમાં છટકું ગોઠવી પીએસઆઈ એ.એસ. શુક્લા અને હેડ કોન્સ્ટેબલ હિતેશ મકવાણાને રૂ.૧.૩૦ લાખની લાંચ લેતા રંગે પકડી લીધા હતા. બીજી તરફ પીએસઆઈ દરજ્જાના પોલીસ અધિકારી એસીબીના છટકામાં સપડાતા મોરબી જિલ્લાના પોલીસ બેડામાં સન્નાટો છવાઈ ગયો છે.

# એટીએમમા પૈસા ઉપાડવા મદદ કરવાનુ કહી ગઠિયાએ વૃધ્ધના ૨.૫૦ લાખ ઉપાડી લીધા

## ૫ દિવસ સુધી રોજ ૫૦ હજાર ઉપાડતો રહ્યો, પાસબુકમાં એન્ટ્રી કરવા જતાં જાણ થઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ફરી એટીએમમાં પૈસા ઉપાડવા ગયેલા વૃધ્ધને ગઠિયા દ્વારા ટાર્ગેટ કરવામાં આવ્યા છે. મદદના નામે એટીએમ કાર્ડ બદલી ભેજાબાજ રોજ ૫૦ હજાર ઉપાડતો રહ્યો વૃધ્ધ બેંકે પાસબુકમાં એન્ટ્રી કરવા જતાં પોતે ૨.૫૦ લાખ ગુમાવ્યા હોવાની જાણ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વિગતો મુજબ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રોયલ્સ એલિગન્સમાં રહેતા અને નિવૃત જીવન જીવતા ૬૫ વર્ષીય હર્ષકાંત શિવરામ દેશાણીએ પોલીસને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તારીખ ૯/૫/૨૫ના રાત્રીના રાત્રીના સાડા સાત વાગ્યા આસપાસ પોતે બાલાજી હોલ નજીક આવેલ બેંક ઓફ બરોડાના એટીએમ પર પૈસા કાઢવા માટે ગયા હતા.

અહીં એક સફેદ શર્ટ પહેરેલો યુવક હાજર હોય ત્યારે હર્ષકાંતભાઈએ પહેલી વાર એટીએમમાંથી પૈસા ઉપાડવા પ્રોસેસ કરતા પૈસા ઉપાડેલ નહીં જેથી બાજુમાં ઊભેલા ગઠિયાએ વૃધ્ધને જણાવેલ કે તમારો પાસવર્ડ ખોટો છે. હવે બીજો બનાવો પડશે લાવો હું કરી આપું કહી શખસની વાતમાં આવી હાર્યકાંતભાઈએ પોતાનું એટીએમ તેમને આપેલું જે બાદ મુંબઈલમાં આવેલ જણાવેલ. પૈસા ઉપાડતા ન હોય જેથી આ શખસ વૃધ્ધને એટીએમ કાર્ડ પરત આપી ત્યાંથી ચાલ્યો ગયો હતો.

પાંચ દિવસ બાદ એટલે કે ૧૩ મીએ હર્ષકાંતભાઈ ગોંડલ રોડ ઉપર આવેલી બેંકમાં પાસબુક એન્ટ્રી કરવા જતાં તેમના હોશ ઉડી ગયા હતા કેમ કે પાંચ દિવસમાં હરરોજ ૫૦ હજાર એમ તેમના ખાતામાંથી ૨.૫૦ લાખ ઉપડી ગયા હતા. જે બાબતે બેંક મેનેજરને મળી તપાસ કરતાં વૃધ્ધ પાસે રહેલી એટીએમ કાર્ડ તેમનું નહીં અને કોઈએ બદલાવી લઈ આ રૂપિયા ઉપાડી લીધા હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુન્હો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.